॥ श्री गणेशाय नमः ॥

॥ श्रीः ॥

॥ श्री महाकाली प्रसन्नास्तु ॥

॥ श्रीकालिकाध्यानम् ॥
खड्गोद्भासितदक्षिणोर्ध्वभुजकां
वामे व चर्मान्वितास्
सव्यनोद्धृतबालकामपरतो मुद्रां
वराख्याम् शुभाम् ।
बिभ्राणां, नयनत्रयेण लसितां,
सिहस्थिताम् श्यामलां,
वन्देऽस्मत्कुलदेवताम् सकरुणां
श्रीकालिकां मातरम् ॥

# ધ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ

સ્થાપના : ૧૦-૮-૧૯૯૭



**સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)નું મુખપત્ર**

વર્ષ : ૧૭ અંક : ૧૯૩ તા.૧૫-૦૨-૨૦૨૬ કિંમત : રૂા.૨-૦૦

દર ૧૫ તારીખે પ્રસિદ્ધ થતું માસિક
તંત્રી : શ્રી ભરતભાઈ સી. શેઠ

RNI NO.GUJGUJ/2009/30908. Postal Reg. No. GUJ/474/2021-2023 Valid up to 31-12-2023

PUBLICATION ON DATE OF 15th EVERY MONTH

●

**જ્ઞાતિના ધોરણ ૧૦ તથા ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ તથા વિજ્ઞાન પ્રવાહના તથા કોલેજના વિદ્યાર્થી ભાઈ-બહેનો તેમની પરીક્ષાઓની તૈયારીમાં અત્યંત વ્યસ્ત હશે ત્યારે સમસ્ત કંસારા સમાજ તથા ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ તથા શ્રી મહિલા કલ્યાણી વિકાસ સેવા ટ્રસ્ટ તમામ વિદ્યાર્થી ભાઈ-બહેનોને બેસ્ટ ઓફ લક પાઠવીએ છીએ અને વિદ્યાર્થી ભાઈ-બહેનો, તેમની કારકિર્દીની અત્યંત મહત્વની પરીક્ષામાં જવલંત સફળતા પ્રાપ્ત કરશે તેવી શુભેચ્છાઓ પાઠવીએ છીએ.**

●

**સમસ્ત કંસારા સમાજના ભૂતપૂર્વ ખજાનચી શ્રી વિનુભાઈ પી. લાલાણીના દુઃખદ નિધન માટે સમાજ દુઃખની લાગણી વ્યક્ત કરે છે અને સદ્ગતના આત્માને શ્રી ઠાકોરજી ચીર શાંતિ અર્પે તે જ પ્રાર્થના.**

Web : www.samastkansara.com e-mail : samastkansaramb@gmail.com sksgujarat@gmail.com

# GORADIYA ASHISH YOGESHBHAI



Birth date : 3rd February 1998

Height : 5.10'

Weight : 72 kg

Birth Place : Sihor (Time : 7:27 AM)

Education : B.Com. (Eng. Med.) - Gujarat Uni.

Hobby : Traveling, Music, Watching Movie

Occupation : Business (Mfg. Zinc Alloy Ingot)

Factory : A.C. METALLOYS
G.I.D.C. 4, Ghanghli Road, Sihor.

Income : Above 1 Cr. (Annual)

## Family Details :

Kansara Chandulal Mohanlal (A.C. Brothers)

Father : Goradiya Yogeshbhai Chandulal

Occupation : Importer of Non Ferrous Metal

Mother : Goradiya Tarlikaben Yogeshbhai

Brother : Goradiya Jay Yogeshbhai (Younger)

Residence : 1 :- 14/A, Gautam Society, Bh. Tawn Hall, Sihor.
2 :- A-1001, Vivekanand Arise, Nr. Jodhpur Cross Road,
Satelite, Ahmedabad.

Mosal : Indulal Jagjivandas Khakhi ( Limbadi)

## Contact Details :

Yogeshbhai Goradiya : 9879518071

Ashvinbhai Goradiya : 9427912563

# સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ
# (ટ્રસ્ટ રજી. નં. એ/૩૪૮૮/અમદાવાદ/તા.૩૧-૧-૧૯૯૮)

**ધ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ**
**(કંસારા ટાઈમ્સ)**

**: પ્રમુખશ્રી :**
શ્રી ચંદ્રકાન્ત કંચનલાલ કંસારા

**: સલાહકાર મંડળ :**
શ્રી બટુકભાઈ વ્રજલાલ કંસારા, અમદાવાદ
શ્રી હસમુખભાઈ એલ. ખાખી, અમદાવાદ

**: માનદ્ તંત્રી :**
શ્રી ભરતભાઈ સી. શેઠ, અમદાવાદ
મો : ૯૮૨૪૦૬૨૬૫૧

**: સંપાદક મંડળ :**
શ્રી અનંતરાય જી. શેઠ,
શ્રી દિલીપભાઈ આર. કંસારા,
શ્રી બળવંતભાઈ જે. પાવાગઢી,
શ્રી વિવેક એમ. કંસારા,
શ્રી કમલેશ એચ. કંસારા,

**: કાર્યાલય-સંપર્ક / પત્ર-વ્યવહાર માટે:**
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)
''બી'' બ્લોક, ૫૦૨, ૫ મે માળ,
તુલીપ ટાવર, પકવાન ડાઈનીંગ
હૉલની પાછળ, વી.એસ.હૉસ્પિટલ સામે,
એલીસબ્રીજ, અમદાવાદ - ૬.
મો. : ૮૫૧૧૫ ૯૪૧૮૧

કોઈપણ જાહેરખબર કે શ્રધ્ધાંજલિમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંહેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરી યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

કોઈપણ લેખ અંકમાં છાપવો કે નહીં છાપવો તે તંત્રીશ્રી, સંપાદક મંડળ નિર્ણય કરે છે. આ અંકમાં પ્રસિધ્ધ થતાં લેખો, એ સ્વતંત્ર અભિવ્યક્તિ છે, તેની સાથે સમાજ કે હોદ્દેદારો સંમત છે, તેવું માની લેવું નહીં.



આદરણીય વ્હાલા સુજ્ઞ જ્ઞાતિજનો,

પરમ કૃપાળુ માતાજીની કૃપાથી આપ સર્વે ક્ષેમ કુશળ હશો તેવી હું આશા રાખું છું.

ફેબ્રુઆરી મહિનાથી પ્રાકૃતિક ઋતુઓના પરિવર્તનની શરૂઆત થયેલી છે, એટલે કે શિયાળાની કડકડતી ઠંડીના વાતાવરણ વચ્ચે વસંત ઋતુની નવી ઊર્જાનો સંચાર શરૂ થઈ ગયો છે જે માનવ જીવનમાં નવા રંગ અને તાજગી ભર્યા વાતાવરણનો અહેસાસ કરાવે છે જેને ઋતુરાજ એટલે વસંત ઋતુ કહીએ એવી આ ઋતુમાં આપણા હિન્દુઓના ધાર્મિક પવિત્ર તહેવારો જેવા કે મહાશિવરાત્રી - હોળી ધુળેટી જેવા ધાર્મિક પવિત્ર તહેવારોમાં લોકોમાં અરસ પરસ પ્રેમ અને ખુશીઓની આશાઓ જાગે છે અને નવી ઉર્જા પેદા કરે છે, જે ઉર્જા પ્રાકૃતિક રીતે માનવ જીવન જોડે છે. વસંત ઋતુ એ પ્રકૃતિનું પરિવર્તન જ નથી, પરંતુ આધ્યાત્મિક અને જ્ઞાન અને કળા માટે સર્જનાત્મક ઊર્જાના નવીનીકરણનો સમય છે.

વસંત ઋતુ દરમિયાનના દિવસો પૈકીનો પ્રારંભનો દિવસ એટલે વસંત પંચમી, જે જ્ઞાનની દેવી સરસ્વતીના પ્રાગટ્ય અને વિદ્યાની ઉપાસનાનો દિવસ ગણાય છે, વસંત પંચમી આ દિવસે સમય અને સકારાત્મકતાની નવી શરૂઆત શરૂ થાય છે. વસંત ઋતુએ પ્રકૃતિનું પરિવર્તન નહીં પણ આધ્યાત્મિક રીતે જ્ઞાન કળા અને સર્જનાત્મક ઉર્જાની નવીનીકરણની શરૂઆતનો સમય છે. તેવી જ આપ સૌ જ્ઞાતિજનોમાં પણ જ્ઞાનકળા અને સર્જનાત્મક ઊર્જાનો નવીનીકરણની શરૂઆત થાય અને સૌ જ્ઞાતિજનો આવા ઉલ્લાસમાં વાતાવરણ વચ્ચે ખૂબ જ આનંદમય અને આહલાદક જીવનની સૌંદર્ય મય પળોનો આનંદ અનુભવી અને જીવન જીવ્યાના આનંદ માણો તેવી વસંત ઋતુની શુભેચ્છાઓ પાઠવું છું.

આ માસ ના ફેબ્રુઆરી ની ૨૬ ના દિવસ થી આપ સૌના પરિવારમાંથી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓની એસ એસ.સી. બોર્ડની / સીબીએસ સી ઈ બોર્ડ ની પરીક્ષાઓ શરૂ થઈ રહી છે, ત્યારે આ પરિક્ષાઓમાં પરીક્ષાઓ આપનાર આપણા સમાજના તમામ વિદ્યાર્થી - વિદ્યાર્થીનીઓને, હું સમસ્ત કંસારા સમાજ તેમજ ભગિની સંસ્થાઓ - ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ અને મહિલા કલ્યાણી વિકાસ ટ્રસ્ટ તરફથી હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું. અને આ તમામ વિદ્યાર્થી - વિદ્યાર્થીનીઓ પરીક્ષામાં સફળ થઈ અને તેમની ભાવિ કારકિર્દી યશસ્વી બનાવવા માં સફળ થાય તેવી શુભકામનાઓ પાઠવું છું.

જ્ઞાતિના સર્વે વડીલ ભાઈઓ- બહેનો, યુવાન ભાઈઓ- બહેનોને, નાના બાળકોને, મારા જય માતાજી - જય શ્રી કૃષ્ણ - જય શ્રી ગોપાલ - જય સ્વામિનારાયણ - મહારાજ.

આપનો સ્નેહાધીન
ચંદ્રકાંત કે. કંસારા
પ્રમુખ : સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)

**SAMAST KANSARA SAMAJ GUJARAT**
State Bank of India, SPPBB Branch,
Account Number : 10542905500 • IFS CODE : SBIN0060129

**શુભેચ્છક : કંસારા લાલજીભાઈ ગોકળદાસ પરિવાર (મોરબી)ના જયશ્રી કૃષ્ણ**




# શ્રીઝાલાવાડ ગુજરાતી કંસારા જ્ઞાતિ, અમદાવાદ (પંચવ - સ્નેહમિલન)

- સંકલનઃ કિરણભાઈ લક્ષ્મીચંદદાસ દંગી (અમદાવાદ)

દર વર્ષે ઉજવાતો આ વાર્ષિક સ્નેહમિલન કાર્યક્રમ તા. ૦૪/૦૧/૨૦૨૬ રવિવારે અમદાવાદ ખાતે ઝાલાવાડના વતની અને અમદાવાદ, ગાંધીનગર, સાણંદ, મહેમદાવાદ સ્થાયી થયેલ જ્ઞાતિજન, પરિવાર, વિદ્યાર્થી બધા સાથે વિદ્યાર્થી સન્માન સમારોહ, તેજસ્વી પ્રતિભા સન્માન, નવદંપતી સન્માન અને સાંસ્કૃતિક કાર્યક્રમમાં સવાર થી રાત સુધી આશરે ૫૦૦ જ્ઞાતિજનોએ હાજર રહી ખૂબ જ આનંદ ઉલ્લાસ સાથે યાદગાર બનાવ્યો.

પંચવનો કાર્યક્રમ સવારે ૯ વાગ્યાથી નોંધણી કાઉન્ટર - શ્રી પરેશભાઈ ઘેલાણી, શ્રી પ્રણવભાઈ દંગી, શ્રી જગદીશભાઈ ધોળકિયા, શ્રી ધગશભાઈ કરથીયાની સાથે મહિલા મંડળ તરફથી શ્રીમતી હેતલબેન મિહિરભાઈ કંસારા અને શ્રીમતી જાગૃતિબેન ગીરીશભાઈ કંસારાએ સંભાળી હતી.

રસોડા વિભાગના કો-ઓર્ડીનેટર શ્રી અતુલભાઈ પિતલીયા, શ્રી હેમાંગભાઈ કંસારા, શ્રી પ્રફુલભાઈ લાલાણીના સુયોજિત આયોજન દ્વારા સવારનો નાસ્તો, બપોર અને રાત્રીનું સ્વાદિષ્ટ ભોજન માણ્યું હતું.

આ વર્ષે અતિથિ વિશેષ તરીકે શ્રી સુભાષભાઈ જગજીવનદાસ કંસારા (પાવાગઢી) હાજર રહી સાથે સંસ્થાના પ્રમુખ શ્રી કિરણભાઈ લક્ષ્મીચંદદાસ દંગી, ઉપપ્રમુખ શ્રી વિનોદભાઈ માણેકલાલ ખાખી, મંત્રી શ્રી ગુણવંતરાય નટવરલાલ ખાખી, સહમંત્રીશ્રી બળવંતભાઈ જગજીવનદાસ પાવાગઢી, શ્રી અનિરુદ્ધભાઈ પાનાચંદભાઈ કંસારા, શ્રી ઝાલાવાડ ગુજરાતી કંસારા મહિલા મંડળ, અમદાવાદના પ્રમુખ શ્રીમતિ કીર્તિદાબેન વિનોદભાઈ ખાખી, શ્રી મહેન્દ્રભાઈ જગજીવનદાસ કંસારા, શ્રી હિંમતલાલ કાંતિલાલદંગી, શ્રી મેહુલભાઈ નટવરલાલ ખાખી, શ્રી નટવરલાલ કંસારા, શ્રી પિયુષભાઈ નટવરલાલ કંસારા, શ્રી રજનીભાઈ ખાખી, શ્રી ડૉ. અશ્વિનભાઈ દંગી, શ્રી શાંતિભાઈ (શ્યામલાલ) પાટડીવાળા વિગેરે મહાનુભાવોએ દીપ પ્રાગટ્ય અને સત્સંગ મંડળની બહેનોએ ''મંગલાચરણ'' થી કાર્યક્રમની શરૂઆત કરી.

ત્યારબાદ સ્ટેજ પર બિરાજમાન મહેમાનોનું સન્માન કરી પ્રમુખશ્રી કિરણભાઈએ સ્વાગત પ્રવચનમાં નવી આવેલી ટીમમાં યુવાનોની સક્રિયતા, ખજાનચી શ્રી મિહિરભાઈની સંકલન શક્તિ તથા મહિલાઓની જાગૃતતાને બિરદાવેલ અને જ્ઞાતિજનોને તન, મન, ધનથી સહકાર આપવા અપીલ કરેલ.

કાર્યક્રમમાં આગળ વધતા મંત્રી શ્રી ગુણવંતરાય નટવરલાલ ખાખીએ સંસ્થાનો પરિચય, નવા સભ્ય અંગે, જ્ઞાતિના જૂના હોદેદારોની સેવાકીય ફાળાની માહિતી જ્ઞાતિજનોને આપ્યા બાદ પંચવના મુખ્ય કાર્યક્રમની શરૂઆત કરી, કાર્યક્રમનું એંકરિંગ

શુભેચ્છક : પૂર્વ પ્રમુખશ્રી બટુકલાલ વ્રજલાલભાઈ ગોરડીયા પરિવારના જય ગોપાલ
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ.




તેજસ્વી પ્રતિભા સન્માન : વિદ્યાર્થી સન્માનમાં ૧૪૨ જેટલા બહોળી સંખ્યામાં વિદ્યાર્થી (ધોરણ ૧ થી અનુસ્નાતક) અને વિશેષ સિદ્ધિ મેળવનારે ઓનલાઇન ગૂગલ ફોર્મથી નોંધણી કરાવેલ એ દરેકને આ વર્ષે પહેલીવાર શિલ્ડથી નવાજવામાં આવ્યા, જેમાં શ્રી ગુણવંતરાય નટવરલાલ ખાખી, શ્રી બળવંતભાઈ જગજીવનદાસ પાવાગઢીને અને ધ્રાંગધ્રા મહિલા ગરબા હરીફાઈના વિજેતા ટીમના શ્રી મહેન્દ્રભાઈ જગજીવનદાસ કંસારાના માર્ગદર્શનમાં શ્રીમતી મનાલીબેન તુષારભાઈ શેઠ, શ્રીમતી પાયલબેન ધવલભાઈ દંગી અને અંકિતાબેન જીતેન્દ્રભાઈ પાવાગઢીએ એમની મધુર વાણી અને વક્તવ્યથી જ્ઞાતિજનોને રાત સુધી જકડી રાખ્યા હતા.

આ વર્ષના તેજસ્વી પ્રતિભા સન્માનના સંપૂર્ણ ખર્ચના ૪ દાતા, શ્રી નલીનભાઈ નરભેરામભાઈ ટંકારાવાળા-બોપલ - હસ્તે શ્રી લલીતભાઈ શેઠ, શ્રી રમેશભાઈ ભુદરભાઈ દંગી- બોપલ, શ્રી પ્રવિણભાઈ ચીમનલાલ લીંબડીવાળા, બોપલ - હસ્તે શ્રી વિરલભાઈ ખાખી, શ્રી કેશવલાલ હરજીવનદાસ લીંબડીવાળા, બોપલ,શ્રી કિરીટભાઈ ખાખીના સહયોગથી મળેલ,જે બદલ એમનું સન્માન કરેલ.

દરેક બહેનોને એવોર્ડ ઓફ ઓનર શિલ્ડ, ઉપરણો, અને પ્રશિષ્ટિ પત્રથી નવાજવામાં આવ્યા. આ આખા કાર્યક્રમનું સફળ સંચાલન એમના પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર શ્રી ઐશ્વર્ય ભીખાલાલ દંગી તથા ખજાનચી શ્રી મિહિર પ્રવીણભાઈ કંસારા અને એમની ટીમે કર્યુ હતું.

બપોરનું સ્વાદિષ્ટ ભોજન લીધા બાદ કાર્યક્રમના બીજા પડાવમાં ''નવદંપતિ સન્માન'' અંતર્ગત ૫ નવદંપતિઓને ઉપરણો અને મોમેન્ટો શુભેચ્છારૂપે આપેલ,આ પ્રોગ્રામના કો-ઓર્ડીનેટર શ્રી રાજેશભાઈ નટવરલાલ કંસારા અને શ્રી દીપકભાઈ પરષોત્તમદાસ લાલાણી હતા.




શુભેચ્છક : શ્રી અનિરૂધ્ધભાઈ પાનાચંદભાઈ કંસારા પરિવારના જય શ્રીકૃષ્ણ

અમદાવાદ.



સ્ટેજ અને હોલ ડેકોરેશનની માનદ્‌સેવા શ્રી હિરલબેન ભાવેશભાઈ કાગડાએ જ્ઞાતિભાવથી એમની ટિમ દ્વારા આપેલ તેમજ શ્રી ઝાલાવાડ ગુજરાતી કંસારા મહિલા મંડળ અમદાવાદના કારોબારી સભ્યો અને કાર્યકરોએ જ્ઞાતિજનોની બેઠક વ્યવસ્થા, મહેમાનોનું સ્વાગત, શિલ્ડ-મોમેન્ટો, ગિફ્ટ પહોંચાડવાની, સ્ટેજ, હોલ મેનેજમેન્ટની સુંદર સેવા આપી હતી.

ત્યાર બાદ જેની નાના બાળકોથી લઈને દરેક જ્ઞાતિજનો જેની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા એ સાંસ્કૃતિક કાર્યક્રમ એમના પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર શ્રીમતી તૃપ્તિબેન પ્રજ્ઞેશભાઈ કંસારા અને શ્રીમતી કૌશલબેન પરેશભાઈ કડવાણીએ ૩૦ જેટલી કૃતિઓની નોંધણી થી ગિફ્ટ સુધીનું સફળ સંચાલન કર્યુ હતું.

આ સાંસ્કૃતિક કાર્યક્રમની આ વર્ષે વિશેષતા એ રહી કે અલગ અલગ થીમ..ડ્રામા..ડાન્સ...ભરત નાટ્યમ..રાસ વિગેરેમાં અમદાવાદના લગભગ બધા જ વિસ્તારોમાંથી બહેનોએ સ્વયંભૂ ખૂબ જ તૈયારી કરી ઉમળકાભેર ભાગ લઈ આખા કાર્યક્રમને ચાર ચાંદ લગાવી દીધા હતા અને સૌ જ્ઞાતિજનોએ કાર્યક્રમને અંત સુધી ભરપૂર આનંદ...ઉલ્લાસપૂર્વક માણ્યો હતો.

સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર દરેકને સંસ્થા તરફથી સંસ્થાના નામ અને લોગોવાળી આકર્ષક પિકનિક કમ ટ્રાવેલિંગ બેગપેક અને દરેક ભૂલકા..નાના બાળકોને લંચબોક્સ અને સ્ટેશનરી કીટ (દાતા તરફથી) આપવામાં આવેલ.

આ આખા પંચવને કાયમી યાદગીરી રૂપે કેમેરાથી ફોટોગ્રાફીની સેવા શ્રી હિતાંશુ મિહિરભાઈ કંસારાએ અને વિડિયોગ્રાફી શ્રી કમલેશભાઈ શેઠે આપી હતી.આમ આખા દિવસના વિવિધ કાર્યક્રમો આનંદ ઉલ્લાસથી દરેક જ્ઞાતિજનોએ માણ્યા હતા.

અંતમાં, મિહિરભાઈ પ્રવીણભાઈ કંસારાએ આ આખા પંચવને સફળ બનાવવામાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે તેમજ નાણાકીય અને સેવાકીય ફાળો, સાથ સહકાર આપનાર દરેક કારોબારી સભ્ય, પ્રોગ્રામ કો-ઓડિનેટર્સ તેમજ દરેક જ્ઞાતિજનોનો આભાર વ્યક્ત કર્યો અને રાત્રી ભોજન લઇ કાર્યક્રમ પૂર્ણ જાહેર કરેલ.



ડી.એસ.મોઢ એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ
બી.૩૦૩, ટાઈમ સ્કવેર ૨,
એવલોન હોટલ ની બાજુમાં,
સિન્ધુભવન રોડ,
બોકડદેવ અમદાવાદ.

ટ્રસ્ટીનું નામ :– ચંદ્રકાંત કંચનલાલ કંસારા
સરનામું :– શ્રી સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)અમદાવાદ
૨૦૨– મૂર્ધન્ય કો. ઓપ. હાઉસિંગ સોસાયટી (એપાર્ટમેન્ટ)
વૈકુંઠ એપાર્ટમેન્ટ ની સામે , કેડીલા બ્રિજ પાસે, પુનિત નગર માર્ગ
ઘોડાસર, અમદાવાદ

## ઓડીટર્સ રીપોર્ટ

સાર્વજનિક ટ્રસ્ટનું નામ :– શ્રી સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) અમદાવાદ
નોંધણી નંબર :– એ– ૩૪૮૮ – અમદાવાદ. ટ્રસ્ટ નોંધણી તારીખ :– ૩૧/૦૧/૧૯૯૮
ટ્રસ્ટનું સરનામું :– બી.૫૦૨,તુલીપ ટાવર,પકવાન ડાયનીંગહોલનીઉપર,વી.એસ.હોસ્પીટલ સામે,એલીસબ્રીજ અમદાવાદ.
ફોન નં. :– ૯૮૨૫૨૩૮૮૬૧ E-mail :-
પરદેશ ફાળાના બેંક ખાતાની વિગત :– નથી.
એફ.સી.આર.એ. નં :– નથી. તારીખ :– નથી.

અમોએ ઉપરોક્ત ટ્રસ્ટનો ૩૧/૦૩/૨૦૨૫ ના રોજ પુરા થતા વર્ષનો હિસાબ તપાસ્યો છે. અને રીપોર્ટ કરીએ છીએ કે :

<u>અભિપ્રાય</u>

અમોએ શ્રી સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) અમદાવાદ ના નાણાકીય હિસાબો નુ ઓડીટ કર્યુ છે. જેમા તા. ૩૧મી માર્ચ ૨૦૨૫ નુ સરવૈયું તથા આવક અને જાવક નુ ખાતુ તેમજ નાણાકીય હિસાબો ના સંબંધિત અમારી ઓડિટ રિમાર્કસ નો સમાવેશ થાય છે. અમારા અભિપ્રાય પ્રમાણે સદર ટ્રસ્ટના હિસાબો "ધી બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦"ની તમામ મહત્વની માહિતી અનુસાર તૈયાર કરવામાં આવ્યા છે.

<u>અભિપ્રાય માટેનો આધાર</u>

અમોએ સ્ટાન્ડર્ડ ઓન ઓડીટીંગ પ્રમાણે ઓડીટ કાર્યવાહી કરેલ છે અને તે ધોરણો હેઠળ ની અમારી જવાબદારી અમારા અહેવાલ ના નાણાકીય વિભાગ ના ઓડિટ માટે "ઓડીટરની જવાબદારીઓ "માં વધુ વર્ણવામાં આવેલ છે. અમો નાણાકીય હિસાબો ના ઓડિટ સાથેની સંબંધિત નૈતિક આવશ્યકતા ઓ અનુસાર ટ્રસ્ટ થી સ્વતંત્ર છીએ અને આ જરૂરીયાતો અનુસાર અમારી જવાબદારી પુરી કરીએ છીએ, અમારા અભિપ્રાય માટે અમોએ મેળવેલ ઓડિટ પુરાવા પુરતા તેમજ યોગ્ય છે.

<u>નાણાકીય હિસાબો અંગે ટ્રસ્ટના વહીવટકર્તા ની જવાબદારીઓ</u>

ટ્રસ્ટના નાણાકીય હિસાબો બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એક્ટ ની જોગવાઈઓ પ્રમાણે તૈયાર કરવા માટે ટ્રસ્ટના ટ્રસ્ટી/ વહીવટ કર્તા જવાબદાર છે. અને વહીવટકર્તા ઓ એ જાણી નક્કી કરેલ છે કે સદર હિસાબો આંતરીક નિયંત્રણ મુજબ તેમજ છેતરપીંડી ભુલ તથા ખોટા ભૌતિક નિવેદનો થી મુક્ત છે.

સદર ટ્રસ્ટીઓ / વહીવટકર્તા દ્વારા ટ્રસ્ટના હિસાબો, ટ્રસ્ટ ભવિષ્યમાં ચાલુ રહેશે, તે હેતુથી તૈયાર કરવામાં આવેલ છે અને અમોને જણાવ્યા અનુસાર ટ્રસ્ટને બંધ કરવા કે ફડચામાં લઈ જવા અંગે હાલ કોઈ નિર્ણય કરેલ નથી.

<u>હિસાબોના ઓડિટ માટે ઓડિટરની જવાબદારી</u>

અમારો ઉદેશ સમગ્ર નાણાકીય હિસાબો તથા માહિતી, ભૌતિક ખોટા નિવેદનો થી મુક્ત છે કે કેમ તે અંગેનો વ્યાજબી ખાતરી મેળવવાનો છે પછી ભલે તે છેતરપીંડી અથવા ભુલને કારણે હોય અને ઓડિટ રિપોર્ટમાં તેનો સમાવેશ અમારા અભિપ્રાય માં કરવામાં આવેલ છે. વ્યાજબી ખાતરી એ ઉચ્ચસ્તરની ખાતરી છે, સ્ટાન્ડર્ડ ઓફ એકાઉન્ટીંગ સિધ્ધાંતો અનુસાર હાથ ધરવામાં આવેલ ઓડિટ છેતરપીંડી, ભુલ તથા ખોટા નિવેદનો થી તૈયાર કરેલા નાણાકીય હિસાબોના આધારે લીધેલા આર્થિક નિર્ણયોને પ્રભાવિત કરવાની વ્યાજબી ક્ષમતા રાખે છે.

અન્ય કાનુની અને નિયમનકારી જરૂરીયાતો પર અહેવાલ

અમારા અભિપ્રાય મુજબ અમારી નીચેની ટીકાઓના આધારે ટ્રસ્ટના હિસાબ પદ્ધતિસર, અને તે અંગેના કાનુનો મુજબ બરાબર રાખવામાં આવ્યા છે.

૧. હિસાબમાં ઉપજ અને ખર્ચ વ્યાજબી અને બરાબર રીતે બતાવવામાં આવ્યા છે.

૨. ઓડીટની તારીખ મેનેજર/ ટ્રસ્ટીના પાસે જે રોકડ હતી તે ચોપડા પ્રમાણે બરાબર માલુમ પડી છે./ તારીખ સુધીના હિસાબો રજુ કરેલ ન હોઈ રોકડ સિલક ની ચકાસણી કરેલ નથી.

૩. ચોપડાઓ, ખતો, હિસાબો, વાઉચરો તેમજ અન્ય જરૂરી દફતરો અમારી સમક્ષ રજુ કરવામાં આવ્યા છે./નથી

૪. ટ્રસ્ટની જંગમ મિલકતની પ્રમાણિત યાદી રાખવામાં કરવામાં આવી છે./ નથી.

૫. ટ્રસ્ટ તરફથી <u>શ્રી ચંદ્રકાંત કંચનલાલ કંસારા</u> એ ઓડિટ વખતે હાજર રહી અમોને જોઈતી સઘળી માહીતી તથા ખુલાસા આપ્યા છે.

M.B. Kansara
**સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)**

D. S. Modh & Co. M.No. 144481 Ahmedabad Chartered Accountants

૬. ટ્રસ્ટના ફંડ તથા મિલ્કતનો ટ્રસ્ટના હેતુ માટે ઉપયોગ થયો છે અને તે સિવાય બીજા હેતુ માટે ઉપયોગ થયો નથી.

૭. એક વર્ષ કરતાં વધુ સમયની લ્હેણી પડતી રકમ રૂ. ------ છે. અને રૂ. ------ લ્હેણું માંડી વાળવા જેવું છે. જ્યારે રૂ. _______ નું લ્હેણું ------ વર્ષ દરમ્યાન માંડી વાળવામાં આવ્યું છે.

૮. રૂ. ૫૦૦૦/- થી વધુ કિંમતના મરામત અગર બાંધકામ નથી અથવા ૫૦૦૦ થી વધુ કિંમતના મરામત અગર બાંધકામ માટે ટેન્ડરો મંગાવામાં આવ્યા છે./ નથી. ટ્રસ્ટની જાત દેખરેખ નીચે બાંધકામ થતું હોવાથી ટેન્ડરો મંગાવેલા નથી.

૯. મુંબઈ પબ્લીક ટ્રસ્ટ એક્ટની કલમ ૩૫ના ઠરાવોની વિરૂદ્ધ ટ્રસ્ટના નાણાનું રોકાણ થયું નથી / અથવા ઠરાવ મુજબ રોકાણ થયેલુ ન હોઈ મેં ચેરીટી કમીશ્નર સાહેબની પરવાનગી મેળવી લેવી જરૂરી છે.

૧૦. ટ્રસ્ટની સ્થાવર મિલ્કતોની હેરફેર/ વેચાણ, કલમ ૩૬ના ઠરાવોની વિરુદ્ધ કરવામાં આવી હોય તેવું અમારી જાણમાં આવ્યું નથી. / અથવા કરવામાં આવી છે.

સ્થળ: મહેસાણા

Date:- 04/09/2025
UDIN:- 25144481BMIYQM2147

કોર,ડી.એસ.મોઢ એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ
F.R.N. : 0133466W
પ્રોપરાઈટર
સી.એ.ધૈર્ય મોઢ

સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)

D.S. Modh & Co.
M.No. 144481
Ahmedabad
Chartered Accountants

## શ્રી સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) અમદાવાદ
## વર્ષ :- ૨૦૨૪-૨૦૨૫

**પરિશિષ્ટ-૧** **વહીવટી ખર્ચ**

| | |
|---|---|
| લાઈટ બીલ | ૧૦૭૭૦.૦૦ |
| બેંકચાર્જિસ | ૧૩૨૯.૮૬ |
| પગાર ખર્ચ | ૧૦૮૦૦૦.૦૦ |
| સ્ટેશનરી ખર્ચ | ૭૧૫૦.૦૦ |
| મીટીંગ ખર્ચ | ૨૩૭૭૧.૦૦ |
| ઓફીસ ખર્ચ | ૨૬૯૯૯.૦૦ |
| ટેલીફોન બીલ | ૫૭૮૮.૦૦ |
| ઓફીસ મેન્ટનન્સ ખર્ચ | ૧૨૧૨૦.૦૦ |
| ટ્રાન્સપોટેશન ખર્ચ | ૩૧૯૦.૦૦ |
| કુલ રૂ.... | ૧૯૯૧૧૭.૮૬ |

સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)

D.S. Modh & Co.
M.No. 144481
Ahmedabad
Chartered Accountants

ડી.એસ.મોઢ એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ
બી.૩૦૩, ટાઈમ સ્ક્વેર ૨,
એવલોન હોટલ ની બાજુમાં,
સિન્ધુભવન રોડ,
બોડકદેવ અમદાવાદ.

ટ્રસ્ટીનું નામ :– ચંદ્રકાંત કંચનલાલ કંસારા
સરનામું :– શ્રી સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)અમદાવાદ
૨૦૨– મૂર્તિન્ય કો. ઓપ. હાઉસિંગ સોસાયટી (એપાર્ટમેન્ટ)
વૈકુંઠ એપાર્ટમેન્ટ ની સામે , કેડીલા બ્રિજ પાસે, પુનિત નગર માર્ગ
ઘોડાસર, અમદાવાદ

પરિશિષ્ટ ૯
(જુઓ નિયમ (૧૭) (૧) )

સાર્વજનિક ટ્રસ્ટનું નામ :– શ્રી સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) અમદાવાદ
નોંધણી નંબર :– એ– ૩૪૮૮ – અમદાવાદ. ટ્રસ્ટ નોંધણી તારીખ :– ૩૧/૦૧/૧૯૯૮
ટ્રસ્ટનું સરનામું :– બી.૫૦૨,તુલીપ ટાવર,પકવાન કાપનીગહોલનીઉપર,વી.એસ.હોસ્પીટલ સામે,એલીસબ્રીજ અમદાવાદ,
ફોન નં. :– ૯૮૨૫૨૩૮૮૬૧ E-mail :-
પરદેશ ફાળાના બેંક ખાતાની વિગત :– નથી.
એફ.સી.આર.એ. નં :– નથી. તારીખ :– નથી.
૩૧/૦૩/૨૦૨૫ ના રોજ પુરા થતા વર્ષ માટે ઉપજ ખર્ચનો હિસાબ

| ઉપજ | રકમ | ખર્ચ | રકમ |
|---|---|---|---|
| ભાડા ખાતે (લેણી/ મળેલી) | | મિલ્કત અંગેનો ખર્ચ :– | |
| | | મ્યુનિસિપલ ટેક્ષ | ૨૫૭૫૩.૦૦ |
| વ્યાજ ખાતે (લેણી/ મળેલી) | | | |
| વ્યાજ આવક | ૫૧૪૮.૦૦ | વહીવટી ખર્ચ :– | |
| એફ.ડી. વ્યાજ આવક | ૮૭૩૭૪.૨૧ | પરિશિષ્ટ–૧ | ૧૯૯૧૧૭.૮૬ |
| ટી. ડી. એસ. વ્યાજ આવક રિફંડ | ૧૦૧૦.૦૦ | | |
| | | ટ્રસ્ટીઓના મહેનતાણાંના :– | |
| ડીવીડન્ડ :– | | | |
| | | મહેનતાણાં ખાતે (મદ સારૂ) | |
| દાન :– રોકડ તથા વસ્તુરૂપ મળેલા | | | |
| | | કોર્ટ ખર્ચ (વકીલ ફી) | ૪૦૦૦૦.૦૦ |
| ગ્રાન્ટ :– | | ઓડીટ ફી :– | |
| | | ફાળો અને ફી :– | |
| બીજી આવક :– | | | |
| | | માંડી વાળેલી રકમો :– | |
| રીઝર્વફંડ ખાતેથી લાવ્યા | | | |
| | | પરચુરણ ખર્ચ :– | ૮૯૯૦.૦૦ |
| | | ઘસારો :– | |
| | | રીઝર્વ અથવા અંકિત ફંડ ખાતે લીધેલી રકમો | |
| ઉપજ કરતા ખર્ચ નો વધારો | ૧૮૦૩૨૮.૬૫ | | |
| | | ટ્રસ્ટના હેતુઓ અંગેનું ખર્ચ :– | |
| કુલ રૂ.... | ૨૭૩૮૬૦.૮૬ | કુલ રૂ.... | ૨૭૩૮૬૦.૮૬ |

નોંધ :– અમારા આ સાથેના આજ તારીખના રીપોર્ટ મુજબ

સ્થળ :– મહેસાણા.

Date:- 04/09/2025
UDIN:- 25144481BMIYQM2147
ટ્રસ્ટીની સહી : –

M.B. Kemsura
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)

ફોર,ડી.એસ.મોઢ એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ
F.R.N. : 0133466W
પ્રોપરાઈટર
સી.એ.ધૈર્ય મોઢ
મે.નં. [illegible]

D.S. Modh & Co. M.No. 144481 Ahmedabad Chartered Accountants

ડી.એસ.મોઢ એન્ડ કં.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ
બી.૩૦૩, ટાઈમ સ્ક્વેર ૨,
એવલોન હોટલ ની બાજુમાં,
સિન્ધુભવન રોડ,
બોડકદેવ અમદાવાદ.

ટ્રસ્ટીનું નામ :– ચંદ્રકાંત [illegible] કંસારા
સરનામું :– શ્રી સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)અમદાવાદ
૬૦૨– સુદર્શન કો. ઓપ. હાઉસિંગ સોસાયટી (એપાર્ટમેન્ટ)
[illegible] એપાર્ટમેન્ટ ની સામે, કેડિલા બ્રિજ પાસે, પુનિત નગર માર્ગ
ઘોડાસર, અમદાવાદ

પરિશિષ્ટ–૮
(જુઓ નિયમ (૧૭) (૧))

સાર્વજનિક ટ્રસ્ટનું નામ :– શ્રી સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) અમદાવાદ
નોંધણી નંબર :– એ– ૩૪૮૮ – અમદાવાદ. ટ્રસ્ટ નોંધણી તારીખ :– ૩૧/૦૧/૧૯૯૮
ટ્રસ્ટનું સરનામું :– બી.૫૦૨,તુલીપ ટાવર,પકવાન ડાયનીંગહોલ-સીટિપર,વી.એસ.હોસ્પીટલ સામે,એલીસબ્રીજ અમદાવાદ,
ફોન નં. :– ૯૮૨૫૨૩૮૮૯૧ E-mail :-
પરદેશ ફાળાના બેંક ખાતાની વિગત :– નથી.
એફ.સી.આર.એ. નં :– નથી. તારીખ :– નથી.
૩૧/૦૩/૨૦૨૫ ના રોજનું સરવૈયું

| ફંડો અને જવાબદારીઓ | રકમ | મિલ્કત તથા લેણું | | રકમ |
|---|---|---|---|---|
| ટ્રસ્ટ ફંડ તથા સ્થાપિત મિલ્કત :– | | સ્થાવર મિલ્કત :– | | |
| | | અમદાવાદ ઓફિસ ખરીદ(ગ.બા.) | ૨૧૨૦૦૦૦.૦૦ | ૨૧૨૦૦૦૦.૦૦ |
| | | વડોદરા હોસ્ટેલ (ગ.બા.) | | ૨૧૦૦૦૦.૦૦ |
| બીજાં અંકિત કરેલ ફંડ :– | | | | |
| પરિશિષ્ટ–૨ મુજબ | ૧૭૫૨૬૪૪.૦૦ | ફ્રીઝ ખરીદ ખાતે(ગ.બા) | | ૮૩૦૦.૦૦ |
| પરિશિષ્ટ–૩ મુજબ | ૭૯૫૭૦.૫૦ | | | |
| નુ કંસારા ટાઈમ્સ વિકાસ ફંડ | ૩૫૫૦૦.૦૦ | કોમ્પ્યુટર ખરીદ ખાતે(ગ.બા) | | ૨૧૫૦૦.૦૦ |
| ઓફિસ ફંડ (ગ.બા.) | ૧૩૨૩૮૨૫.૦૦ | | | |
| | | ડેડ સ્ટોક અને ફર્નીચર :–(ગ.બા) | | ૭૫૨૦૦.૦૦ |
| રેરેજ મુડી ફંડ | | | | |
| પરિશિષ્ટ–૪ મુજબ | ૧૩૨૩૯૦૭.૨૬ | રોકાણ:– | | |
| | | એસ.બી.આઈ. એફ.ડી. | | ૯૩૭૧૪૩.૦૦ |
| લોન (તારણવગરની) | | | | |
| | | લોન :– (તારણવાળી/તારણવગરની) | | |
| જવાબદારીઓ :– | | | | |
| | | લેણું :– | | |
| | | ટી. ડી. એસ. (ગ.બા) | ૧૧૫૩૬૩.૦૦ | |
| | | બાદ: રિફંડ | ૧૮૬૬૦.૦૦ | ૯૬૭૦૩.૦૦ |
| | | ભરવા પાત્ર ટી. ડી. એસ. | | ૮૭૪૮.૦૦ |
| | | ડીપોઝીટ :– | | |
| | | ચેરીટી કમીશ્નર અમદાવાદ | | ૧૪૫૧૫૩.૦૦ |
| | | મળવાપાત્ર વ્યાજ | | ૩૦૧૪૫.૨૧ |
| | | વસુલ નહિ આવેલી ઉપજ :– | | |
| | | રોકડ તથા બેલેન્સ :– | | |
| | | (અ) બેન્કમાં ચાલુ, સેવિંગ્સ ડીપોઝીટ ખાતે સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા | | ૧૨૯૮૭૬.૭૯ |
| | | (બ) ટ્રસ્ટી/મેનેજર પાસે હાથ પર સિલક | | ૨૨૮૮૪.૧૪ |
| | | ઉપજ ખર્ચ ખાતું :– | | |
| | | ગઈ સાલ ની બાકી | ૭૦૩૦૪૯.૮૭ | |
| | | – ચાલુ સાલનો વધારો | ૧૮૦૩૨૮.૬૫ | ૫૨૩૩૬૮.૯૨ |
| કુલ રૂ.... | ૪૩૫૯૯૮૫.૭૬ | કુલ રૂ.... | | ૪૩૫૯૯૮૫.૭૬ |

નોંધ :– અમારા આ સાથેના આજ તારીખના રીપોર્ટ મુજબ
ઉપરનું સરવૈયું મારી માન્યતા પ્રમાણે ટ્રસ્ટના ફંડો તથા જવાબદારીઓ તેમજ મિલ્કત તથા લેણાનો સાચો અહેવાલ રજુ કરે છે.

સ્થળ :– અમદાવાદ.

Date:- 04/09/2025
UDIN:- 25144481BMIYQM2147
ટ્રસ્ટીની સહી :–
M.B. Kansara
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)

વતી,ડી.એસ.મોઢ એન્ડ કં.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ
F.R.N. : 0133466W
પ્રોપરાઈટર
ડી.એસ.મોઢ
મે.નં. ૧૪૪૪૮૧

D.S. Modh & Co.
M.No. 144481
Ahmedabad
Chartered Accountants

ડી.એસ.મોઢ એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ
બી.૩૦૩, ટાઈમ સ્કવેર ૨,
એવલોન હોટલ ની બાજુમાં,
સિન્ધુભવન રોડ,
બોકડદેવ અમદાવાદ.

ટ્રસ્ટીનું નામ :– ચંદ્રકાંત કંચનલાલ કંસારા
સરનામું :– શ્રી સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)અમદાવાદ
૨૦૨– મૂર્ધન્ય કો. ઓપ. હાઉસિંગ સોસાયટી (એપાર્ટમેન્ટ)
વૈકુંઠ એપાર્ટમેન્ટ ની સામે, કેડીલા બ્રિજ પાસે, પુનિત નગર માર્ગ
ઘોડાસર, અમદાવાદ

## શ્રી સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) અમદાવાદ.

### બીજા અંકીત કરેલ ફંડોની વિગત દર્શાવતું પરિશિષ્ટ –૨

### વર્ષ :– ૨૦૨૪–૨૦૨૫

| ખાતાનું નામ | ગઈ સાલ ની બાકી | વધારો | ઘટાડો | આખરની બાકી |
|---|---|---|---|---|
| આજીવન સભ્ય પદ | ૧૨૨૩૩૧૯.૦૦ | ૭૨૭૯.૦૦ | ૦.૦૦ | ૧૨૩૦૫૯૮.૦૦ |
| વડોદરા હોસ્ટેલ ફંડ | ૧૧૭૦૦૩.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૧૭૦૦૩.૦૦ |
| મેડીકલ ફંડ | ૮૨૯૪૩.૦૦ | ૬૬૪૦૮.૦૦ | ૦.૦૦ | ૧૪૯૩૫૧.૦૦ |
| કેળવણી ફંડ | ૯૧૫૬૭.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૯૧૫૬૭.૦૦ |
| સાંસ્કૃતિક પ્રવૃત્તિ ફંડ | ૧૬૪૧૦૫.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૬૪૧૦૫.૦૦ |
| કુલ રૂ... | ૧૬૭૮૯૩૭.૦૦ | ૭૩૬૮૭.૦૦ | ૦.૦૦ | ૧૭૫૨૬૨૪.૦૦ |

## શ્રી સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) અમદાવાદ

### વર્ષ :– ૨૦૨૪–૨૦૨૫

<u>પરિશિષ્ટ–૩</u> <u>કંસારા ટાઈમ્સ વિકાસ ફંડ</u>

| | | |
|---|---|---|
| તા. ૩૧/૦૩/૨૦૨૫ મુજબ | ૨૫૬૯૦૬.૫૦ | |
| ઉમેરો :– ચાલુ સાલનો વધારો | | |
| કંસારા ટાઈમ્સ જાહેરાત | ૨૪૫૦૦૩.૦૦ | |
| શુભેચ્છાભેટ | ૩૮૩૮૭.૦૦ | |
| પ્રવેશ ફી | ૩૧૯.૦૦ | ૫૪૧૬૧૫.૫૦ |
| બાદ :– ચાલુ સાલનો ઘટાડો | | |
| ટાઈમ્સ ઓફ કંસારા સમાજ પબ્લીકેશન ખર્ચ | ૫૦૩૩૨૦.૦૦ | |
| ટાઈમ્સ વધારાનો પગાર | ૧૨૦૦૦.૦૦ | |
| પોસ્ટલ ટીકીટ | ૧૦૫૮૭૬.૦૦ | ૬૨૧૧૯૬.૦૦ |
| | આખર બાકી:– | (–) ૭૯૫૮૦.૫૦ |

પરિશિષ્ટ–૪ <u>મેરેજ બ્યુરો</u>

| | | |
|---|---|---|
| તા. ૩૧/૦૩/૨૦૨૩ મુજબ | ૧૩૧૮૮૨૦.૨૬ | |
| ઉમેરો :– ચાલુ સાલનો વધારો | | |
| બ્યુરો રજીસ્ટ્રેશન | ૧૨૫૨૧.૦૦ | ૧૩૩૧૩૪૧.૨૬ |
| બાદ :– ચાલુ સાલનો ઘટાડો | | |
| કુરિયર ખર્ચ | ૩૭૩૪.૦૦ | ૩૭૩૪.૦૦ |
| | આખર બાકી:– | ૧૩૨૭૬૦૭.૨૬ |

M.B. Kansara

**સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)**

D. S. Modh & Co.
M.No. 144481
Ahmedabad
Chartered Accountants

ડી.એસ.મોઢ એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ
બી.૩૦૩, ટાઈમ સ્કવેર ૨,
એવલોન હોટલ ની બાજુમાં,
સિન્ધુભવન રોડ,
બોડકદેવ અમદાવાદ.

ટ્રસ્ટીનું નામ :– ચંદ્રકાંત કેશવલાલ કંસારા
સરનામું :– શ્રી સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)અમદાવાદ
૨૦૨– મુકુન્દ કો. ઓપ. હાઉસિંગ સોસાયટી (એપાર્ટમેન્ટ)
ચૈતુ એપાર્ટમેન્ટ ની સામે , કેડીલા બ્રિજ પાસે, પુનિત નગર માર્ગ
ઘોડાસર, અમદાવાદ

પરિશિષ્ટ ૯–ક
(જુઓ નિયમ ૩૨ )
૩૧/૦૩/૨૦૨૫ ના રોજ પુરા થતા વર્ષ માટે ફાળો આપવાજોગ આવકનું પત્રક

સાર્વજનિક ટ્રસ્ટનું નામ :– શ્રી સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) અમદાવાદ
નોંધણી નંબર :– એ– ૩૪૮૮ – અમદાવાદ. ટ્રસ્ટ નોંધણી તારીખ :– ૩૧/૦૧/૧૯૯૮
ટ્રસ્ટનું સરનામું :– બી.૫૦૨,તુલીપ ટાવર,પકવાન ક્રાયનીગહોલનીઉપર,વી.એસ.હોસ્પીટલ સામે,એલીસબ્રીજ અમદાવાદ,
ફોન નં. :– ૯૮૨૫૨૩૮૮૬૧ E-mail :-
પરદેશ ફાળાના બેંક ખાતાની વિગત :– નથી.
એફ.સી.આર.એ. નં. :– નથી. તારીખ :– નથી.

| વાર્ષિક આવક (ગ્રોસ) | રકમ | રકમ |
|---|---|---|
| કોલ વાર્ષિક આવક | | ૯૩૫૩૨.૨૧ |
| બાદ : કલમ–૫૮ તથા નિયમ ૩૨ અન્વયે ફાળાને પાત્ર ન હોય તેવી આવક | | |
| ૧. વર્ષ દરમિયાન મળેલ દાન | | |
| અ. કોર્પસ | | |
| (૧) દેશ માંથી | | |
| (૨) પરદેશ માંથી એફ.સી.આર.એ. નંબર અને તારીખ | | |
| બ. જનરલ | | |
| (૧) દેશ માંથી | | |
| (૨) પરદેશ માંથી એફ.સી.આર.એ. નંબર અને તારીખ | | |
| ૨. સરકારે અને સ્થાનિક સંસ્થાઓએ આપેલી ગ્રાન્ટો | | |
| અ. સરકારી અને સ્થાનિક સંસ્થાઓ | | |
| બ. પરદેશ માંથી | | |
| ક. સાર્વજનિક ટ્રસ્ટોમાંથી મળેલ દાન | | |
| (૧) દેશ માંથી | | |
| (૨) પરદેશ માંથી એફ.સી.આર.એ. નંબર અને તારીખ | | |
| ૩. કેળવણી – વિષયક હેતુ માટે ખર્ચેલ રકમ | | |
| ૪. વૈદકીય હેતુ માટે ખર્ચેલ રકમ | | |
| ૫. (અ) ખેતીવાડી હેતુ માટે વપરાતી જમીનની આવકમાંથી કપાતો | | |
| અ. જમીન મહેસુલ અને લોકલ ફંડ સેસ | | |
| બ. પટે રાખેલી જમીન ઉપર આપવાનું ભાડું | | |
| ક. ટ્રસ્ટ તરફથી જમીન ખેડવામાં આવતી હોય તો ઉત્પાદનનો ખર્ચ | | |
| (બ) ખેતીવાડી હેતુ માટે વપરાતી જમીનની માંથી થયેલ આવક | | |
| ૬. (અ) બિન ખેતીવાડીના હેતુ માટે વપરાતી સ્થાવર મિલકત (જમીન તથા મકાનોની ) આવકમાંથી કપાતો | | |
| અ. આકારણી સેસ અને બીજા સરકારી અથવા મ્યુ. કરો | ૨૫૭૪૩.૦૦ | |
| બ. જમીન ભાડું | | |
| ક. વીમાનું પ્રિમીયમ | | |
| ડ. મકાનોના એકંદર ભાડાના ૮ ૧/૩ ટકાના દરે મરામત | | |
| ઈ. ભાડે આપેલ મકાનોના એકંદર (ગ્રોસ) ભાડાનાં ૪ ટકા ના દરે ભાડું ઉઘરાવવાનું ખર્ચ | | |
| ૭. એક ટકાના દરે સીક્યુરિટી લોક વગેરેમાંથી થયેલ આવક અથવા બાકી રકમ વસૂલ કરવાનું ખર્ચ | | |
| ૮. ભાડે નહી આપેલ અને બિન આવકવાળા તથા પોતે વાપરતા મકાનના એકંદર અંદાજેલા વાર્ષિક ભાડાના ૮ ૧/૩ ટકાના દરે મરામત માટે કપાત | | |
| ફાળો આપવા જોગ આવક.... | ૨૫૭૪૩.૦૦ | ૬૭૭૮૯.૨૧ |

સ્થળ :– મહેસાણા.

Date:- 04/09/2025
UDIN:- 25144481BMIYQM2147
ટ્રસ્ટીની સહી :–
M. B. Kansara
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)

કોર,ડી.એસ.મોઢ એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ
F.R.N. : 0133466W
પ્રોપરાઈટર
સી.એ.ધિર્મ મોઢ
મે.નં. ૧૪૪૪૮૧
D.S. Modh & Co.
M.No. 144481
Ahmedabad
Chartered Accountants




# કંસારા સમાજ – પુણે સ્નેહ મિલન ૨૦૨૬

## (એક યાદગાર સાંજ, સમાજને નામ)

સંકલનઃ કંસારા સમાજ વતી,
મીતેષભાઈ કડવાણી

પુણે જેવા અતિ વ્યસ્ત અને દોડધામભર્યા મહાનગરમાં જ્યારે સમયની અછત દરેકને સતાવતી હોય, ત્યારે પોતાના મૂળ અને સમાજ સાથે જોડાયેલા રહેવું એ એક પડકાર છે. પરંતુ પુણેમાં વસતા કંસારા સમાજના પરિવારોએ સાબિત કરી દીધું છે કે જ્યાં આત્મીયતા હોય ત્યાં અંતર ક્યારેય આડું આવતું નથી. સમાજની એકતા જ આપણી ખરી શક્તિ છે, એ ઉમદા હેતુ સાથે ગત ૧૮ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ પુણેના ઉંડરી સ્થિત 'અમિત કોલોરી' સ્થાને વાર્ષિક 'સ્નેહ મિલન' નું શાનદાર આયોજન કરવામાં આવ્યું હતું. છેલ્લા ૧૦ વર્ષથી અવિરત ચાલતી આ પરંપરાનો મુખ્ય ઉદ્દેશ્ય માત્ર મળવાનો જ નહીં, પરંતુ આપણી ભવ્ય સંસ્કૃતિ અને સંસ્કારોનું સિંચન નવી પેઢીમાં કરવાનો છે. આ કાર્યક્રમમાં ૩૦-૩૫ પરિવારોના ૧૦૫ થી વધુ સભ્યોએ ભારે ઉત્સાહથી હાજરી આપીને સાબિત કર્યું કે ભલે આપણે આધુનિક શહેરમાં રહીએ, પણ આપણું હૃદય તો આપણા સમાજ માટે જ ધબકે છે.

**અતિથિ વિશેષ અને ગરિમાપૂર્ણ ઉપસ્થિતિ :**

આ કાર્યક્રમના પ્રમુખ સ્થાને શ્રી બિપીનભાઈ ગોરડિયા અને અતિથિ વિશેષ તરીકે મુંબઈ કંસારા જ્ઞાતિ મહામંડળના પ્રમુખ શ્રી કિરીટભાઈ ગોરડિયા તથા મહિલા મંડળના ઉત્સાહી પ્રમુખ શ્રીમતી ડિમ્પલબેન ગોરડિયાએ ઉપસ્થિત રહી કાર્યક્રમની ગરિમા વધારી હતી.

આ અવસરને વધુ મંગલમય બનાવવા માટે મુંબઈ મહામંડળ કારોબારી સમિતિના કર્મઠ સભ્યો શ્રીમતી નીતાબેન જયંતભાઈ ખાખી અને શ્રી અલ્પેશભાઈ ખાખી, તથા નયનાબેન બિપીનભાઈ ગોરડિયા અને અનિષભાઈ કંસારાએ પણ પોતાની હાજરીથી પુણે કંસારા સમાજના ઉત્સાહમાં અભિવૃદ્ધિ કરી હતી.

શારદાબેન ચુનીલાલ પરમાર (રાજેશ સૂઈંગ મશીન)ની હાજરીએ સમાજના એક વડીલના આશીર્વાદરૂપી હૂંફ પૂરી પાડી હતી.

પોતાના વ્યસ્ત સમયમાંથી સમય ફાળવી, મુંબઈથી પધારેલા મહેમાનોએ પુણેના જ્ઞાતિજનો પ્રત્યે જે સ્નેહ અને મમતા દર્શાવી છે, તે બદલ પુણે કંસારા સમાજ તેમનો અંતઃકરણપૂર્વક ઋણ સ્વીકાર કરે છે અને હૃદયપૂર્વક આભાર માને છે.

**સાંસ્કૃતિક કાર્યક્રમોની મનમોહક ઝલક :**

કોઈપણ મંગલ કાર્યની શરૂઆત પરમાત્માના સ્મરણ વગર અધૂરી છે. કાર્યક્રમનો પ્રારંભ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યો હતો, જેણે સમગ્ર હોલમાં એક સકારાત્મક ઉર્જા ભરી દીધી હતી. ત્યારબાદ, સમાજનું ગૌરવ અને જાણીતા પ્રોફેશનલ ગાયિકા ખુશ્બબેન પરમારે પોતાની મધુર અને શાસ્ત્રીય વાણીમાં ''યમુનાષ્ટક'' નું પઠન કર્યું હતું. તેમના ભક્તિમય સૂરોએ વાતાવરણને પવિત્ર બનાવી દીધું હતું.

**ત્યારબાદ શરૂ થયો પ્રતિભાઓનો અદભૂત સિલસિલો !**

● કુમારી માહી લાલાણીએ 'મહાભારત'ના ગીત પર શૌર્ય અને ભાવ સભર નૃત્ય રજૂ કરીને સૌની દાદ મેળવી હતી.

● લાલાણી પરિવારના સભ્યોએ રજૂ કરેલા ગ્રુપ ડાન્સે સાબિત કર્યું કે જ્યારે આખો પરિવાર સાથે મળીને મંચ પર આવે છે ત્યારે કેવી સુંદરતા સર્જાય છે.

● તે જ રીતે, કુમારી કાવ્યા અને સ્વરા લાલાણીએ 'અધરમ મધુરમ'ના દિવ્ય ગીત પર મનમોહક નૃત્ય રજૂ કરી શ્રીકૃષ્ણની ભક્તિનો અહેસાસ કરાવ્યો હતો. તેમ જ કુમારી યશ્વી હડાનીએ એના મધુર સ્વરમાં ''અચ્યુતમ કેશવમ''નું સરસ ગીત રજૂ કર્યું હતું. આ નાની બાળાઓની માસૂમિયત અને કળાએ સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

● લાયન્સ ક્લબના સક્રિય કાર્યકર અને સુરીલા ગાયક શ્રી રાકેશભાઈ કાગડા (રોહા)એ પોતાના મધુર કંઠે જૂના અને સદાબહાર ગીતોની એવી રમઝટ બોલાવી કે વડીલો જૂની યાદોમાં ખોવાઈ ગયા અને યુવાનો પણ ડોલી ઉઠ્યા હતા. તેમની ગાયકીએ વાતાવરણમાં એક નવો જ ઉત્સાહ ભરી દીધો હતો.



**સંચાલન અને બાળ પ્રતિભા પ્રોત્સાહન :**

કાર્યક્રમની સફળતાનો મોટો આધાર તેના સંચાલન પર હોય છે. આ સ્નેહ મિલનનું સુંદર અને સુવ્યવસ્થિત સંચાલન (Hosting) દેવાંગીબેન ગોરડિયા, ધારાબેન પિતલિયા અને નેહાબેન કડવાણી દ્વારા કરવામાં આવ્યું હતું. તેમની રજૂઆતની શૈલી અને શબ્દોની ગૂંથણીએ સમગ્ર કાર્યક્રમને જીવંત રાખ્યો હતો.

આ આયોજનમાં માત્ર વડીલો જ નહીં, પણ નાના ભૂલકાઓનો ઉત્સાહ પણ દેખાઈ આવતો હતો. બાળકો માટે આયોજિત ખાસ ચિત્ર સ્પર્ધામાં નાના કલાકારોએ કાગળ પર પોતાની કલ્પનાના એવા અદભૂત રંગો પૂર્યા હતા કે જોનાર સૌ કોઈ દંગ રહી ગયા હતા. આ સ્પર્ધા દ્વારા બાળકોની સર્જનાત્મક શક્તિને સુંદર પ્લેટફોર્મ મળ્યું હતું.

આ અવસર માત્ર મિલન પૂરતો સીમિત ન રહેતા, સમાજના તેજસ્વી તારલાઓને બિરદાવવાનો અવસર પણ બન્યો હતો. આપણા સમાજના બાળકો માત્ર અભ્યાસમાં જ નહીં, પરંતુ રમત-ગમત અને સંગીત જેવા ક્ષેત્રોમાં પણ રાષ્ટ્રીય સ્તરે (National Level) ડંકો વગાડી રહ્યા છે, જે આપણા સૌ માટે ગૌરવની વાત છે. આ પ્રસંગે નીચેની ઉભરતી પ્રતિભાઓનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું:



● દિયા બુધ્ધ : દિયાએ એક પ્રોફેશનલ પિયાનો (કીબોર્ડ) પ્લેયર તરીકે રાષ્ટ્રીય કક્ષાએ વિજેતા બનીને સમાજનું નામ રોશન કર્યું છે. તેની આંગળીઓના જાદુએ સંગીતના ક્ષેત્રમાં મોટી સિદ્ધિ હાંસલ કરી છે.

● વિહાન પિતલિયા: વિહાન એક પ્રોફેશનલ બેડમિન્ટન પ્લેયર તરીકે મેદાનમાં પોતાનું કૌશલ્ય બતાવી રહ્યો છે. તેની રમત પ્રત્યેની ધગશ આવનારી પેઢી માટે પ્રેરણારૂપ છે.

● વંશી કડવાણી: ધનુષવિદ્યા (Archery) જેવા પડકારજનક ક્ષેત્રમાં વંશીએ પોતાની એકાગ્રતા અને સચોટ નિશાનબાજી દ્વારા રાષ્ટ્રીય સ્તરે બ્રોન્ઝ મેડલ જીતીને સમાજની શાન વધારી છે.

આ સિદ્ધિઓ જાણીને ઉપસ્થિત અતિથિઓએ બાળકોને આશીર્વાદ પાઠવ્યા હતા.

**પ્રેરક ઉદબોધન અને સમાજલક્ષી માર્ગદર્શન :**

સ્નેહ મિલનનો આ પ્રસંગ માત્ર મનોરંજન પૂરતો મર્યાદિત ન રહેતા, સમાજના ઉત્કર્ષ અને ચિંતન માટેનું એક સબળ પ્લેટફોર્મ પણ બની રહ્યો. કાર્યક્રમના અતિથિ વિશેષ શ્રી કિરીટભાઈ ગોરડિયા અને શ્રીમતી નીતાબેન ખાખીએ પોતાના અનુભવના ભાથામાંથી અત્યંત પ્રેરક વિચારો રજૂ કર્યા હતા.

શ્રી કિરીટભાઈએ પોતાના ઉદબોધનમાં ભાર મૂકતા

જણાવ્યું હતું કે, સમાજની પ્રગતિ ત્યારે જ શક્ય છે જ્યારે આપણી નવી પેઢી સક્રિય રીતે જ્ઞાતિના કાર્યોમાં જોડાય. તેમણે યુવાનોને સમાજની સેવાકીય પ્રવૃત્તિઓમાં રસ લેવા અને ટેકનોલોજીના માધ્યમથી સમાજને કેવી રીતે વધુ સંગઠિત કરી શકાય, તે અંગે સચોટ માર્ગદર્શન આપ્યું હતું. તેમણે ઉમેર્યું કે, યુવાનોનો ઉત્સાહ અને વડીલોનો અનુભવ જ્યારે સાથે મળે છે, ત્યારે જ સમાજ વિકાસના નવા શિખરો સર કરી શકે છે.

તેવી જ રીતે, શ્રીમતી નીતાબેન ખાખીએ ખૂબ જ સુંદર વાત રજૂ કરતા જણાવ્યું કે, સંસ્કારનું સિંચન પરિવારથી જ શરૂ થાય છે. નવી પેઢીને જ્ઞાતિના ગૌરવશાળી ઇતિહાસ અને આપણી સંસ્કૃતિથી પરિચિત કરાવવા એ આપણા સૌની સામૂહિક જવાબદારી છે. તેમણે મહિલાઓની સામાજિક સક્રિયતા પર પણ ભાર મૂક્યો હતો અને સમાજને એક પરિવારની જેમ આગળ લઈ જવા માટેના રચનાત્મક સૂચનો આપ્યા હતા.



બંને મહાનુભાવોના આ વિચારોએ ઉપસ્થિત જ્ઞાતિજનોમાં નવી ચેતના અને જોમ ભરી દીધું હતું. તેમના માર્ગદર્શનથી સૌને એ સમજાયું કે સમાજ એ માત્ર લોકોનો સમૂહ નથી, પરંતુ એકતા અને સેવાની ભાવનાથી ધબકતું એક જીવંત એકમ છે.

સમાજના અન્ય વડીલો શ્રીમતી અરુણાબેન કંસારા અને શ્રી વામનભાઈ ગોરડિયાએ આ વર્ષો જૂની સ્નેહ મિલનની પરંપરાને બિરદાવતા જણાવ્યું હતું કે, આવા આયોજનોથી જ સમાજની એકતા ટકી રહે છે. તેવી જ રીતે, શ્રી પ્રયુતભાઈ કંસારા અને શ્રીમતી સોનલબેન પ્રયુતભાઈ કંસારાએ પણ પોતાના વિચારો રજૂ કરતા જણાવ્યું કે, દોડધામભરી જિંદગીમાં જ્યારે આપણે આપણા જ પરિવારોને મળી શકીએ છીએ, ત્યારે એક અનોખી ઊર્જાનો અનુભવ થાય છે. તેમણે આ સુંદર આયોજન બદલ પુણે સમાજનો આભાર માન્યો હતો અને જ્ઞાતિજનોને મળીને જે આનંદ થયો તે શબ્દોમાં વર્ણવ્યો હતો.

શ્રી મિતેષભાઈ કડવાણી (જેઓ 'સમસ્ત કંસારા સમાજ મેરેજ બ્યૂરો' ની વેબસાઇટના મેનેજમેન્ટમાં પણ પોતાનો અમૂલ્ય ફાળો આપી રહ્યા છે) એમણે પુણે કંસારા સમાજના વિવિધ કાર્યોનો વિસ્તૃત અહેવાલ રજૂ કર્યો હતો અને સાથે જ ગત વર્ષના નાણાંકીય હિસાબોની માહિતી આપી હતી.

**ખુશી ભેટ અને હર્ષોલ્લાસ સાથે પૂર્ણાહુતિ :**

સામાજિક કાર્યની સફળતામાં આર્થિક સહયોગ કરતા પણ વધુ મહત્વની તેમાં રહેલી 'સેવા અને સમર્પણ' ની ભાવના હોય છે. કાર્યક્રમના અંતિમ ચરણમાં મુંબઈ કંસારા જ્ઞાતિ મહામંડળ તરફથી સંસ્થા પ્રત્યેના સ્નેહના પ્રતીક રૂપે રૂા. ૩૫૦૦ની 'ખુશી ભેટ' અર્પણ કરવામાં આવી હતી. આ ઉમદા પહેલથી પ્રેરાઈને અને સમાજ પ્રત્યેની પોતાની ફરજ સમજીને, પુણેના જ્ઞાતિજનોએ પણ ઉદાર હાથે સ્વેચ્છાએ ખુશી ભેટની સરવાણી વહાવી હતી. જ્ઞાતિજનો દ્વારા મળેલું આ યોગદાન ભવિષ્યમાં સમાજના કાર્યોને વધુ વેગ આપવા માટે આશીર્વાદરૂપ સાબિત થશે.

ખુશી ભેટના આ સાત્વિક પ્રવાહ બાદ, સૌ જ્ઞાતિજનોએ સાથે મળીને અત્યંત સ્વાદિષ્ટ અને રુચિપૂર્ણ સંધ્યા ભોજન નો આનંદ માણ્યો હતો. ભોજન દરમિયાન પણ વડીલો અને યુવાનો વચ્ચે વાતોના ગપાટા અને હાસ્યની છોળો ઉડતી જોવા મળી હતી, જેણે ખરા અર્થમાં 'સ્નેહ મિલન'ના હેતુને સાર્થક કર્યો હતો.

કાર્યક્રમને સફળ બનાવવા માટે તમામ સ્વયંસેવકો અને આયોજકોને આ પ્રસંગે ખૂબ ખૂબ અભિનંદન આપવામાં આવ્યા હતા. અંતે, આવતા વર્ષે ફરી આ જ ઉત્સાહ સાથે મળવાના સંકલ્પ અને મધુર યાદોને હૃદયમાં ભરીને સૌ પરિવારોએ છૂટા પડતી વખતે એકબીજાનો આભાર માન્યો હતો. ખરેખર, આ સ્નેહ મિલન પુણે કંસારા સમાજની એકતા અને અતૂટ વિશ્વાસનું જીવંત ઉદાહરણ બની રહ્યું હતું.

ખાસ નોંધઃ પૂણેમાં રહેતા અથવા બહારથી આવતા કંસારા જ્ઞાતિજનોએ કોઈ પણ પ્રકારની માહિતી કે મદદ ની જરૂર હોઈ તો નીચે આપેલા નંબર પર સંપર્ક કરવા વિનંતી.

**પૂણે – સંપર્ક**

(૧) બીપીનભાઈ ગોરડિયા – (80875 87855)
(૨) મીતેષભાઈ કડવાણી – (98230 55057)

-: શુભેચ્છા સહ :-

# એ. સી. બ્રધર્સ એન્ડ કું.

## કંસારા ચંદુલાલ મોહનલાલ પરિવાર

શિહોર - ૩૬૪૨૪૦.
(ઓ) ૦૨૮૪૬-૨૨૨૧૪૨, ૨૨૫૧૪૨

વિનુભાઈ : ૯૮૨૫૨૦૮૦૮૯
ડૉ. હર્ષદ (અમદાવાદ) : ૯૪૨૬૬૨૩૧૪૨
રજુભાઈ : ૯૮૨૫૨૦૮૦૭૧
યોગેશ : ૯૮૭૯૫૧૮૦૭૧


# MATRIMONIAL



| | |
|---|---|
| Name | : Hitarth Parmar<br>Software Engineer |
| Date of Birth | : 04/12/2001 |
| Time of Birth | : 5:20 PM |
| Height | : 5'.8" |
| Educatio | : B.Tech (IT) Atmiya University |
| Job Company | : iCoders Solutions Pvt. Ltd. |
| Location | : Ahmedabad |
| Salary | : 70,000/- Month |

**FAMILY DETAILS**

| | |
|---|---|
| Grand Fat. Name | : Lt. Pranjivanbhai Valjibhai Parmar |
| Father Name | : Devendra Parmar<br>+91-98796 77584 |
| Business | : Sahyog Medical Agency Vaccine & Life Saving Drugs Distributor, Jamangar |
| Mother Name | : Meena Parmar<br>Homemaker +91-80004 53671 |
| Community | : Pushtimargya Vaishnav |
| Siblings | : No |
| Cousins | : Married elder brother and ister, both Softare Engineers n the USA |
| Address | : "SAHARSH", Behind 42, Digvijay Plot, Opp. Hathiwara Derasar, Pavanchhaki, Jamanagar. |
| Life Patner Preferences | : Candidate from B.E./B. Tech. MCA/BCA, CA/CS, Medical, BSc/MSc respectively preferred. |





Tejas P. Meghani
+91 - 9426303186

Mayur P. Meghani
+91 - 9429328187
Mishal P.Meghani
820-0524436




**Mayur Engineering**
**Manufactur**

Alluminium Alloy Milk Can 20 ltr., 30 ltr., & 40ltr. With Lids ISI Mark S.S. Insulation Cans 304 SS. Milk Can 5 ltr., 10 ltr., & 40 ltr. with Lids Spare : Alu. & SS. Lids, Bottom Ring, Handle Bottom Dish

F-1, Plot-179, G.I.D.C., Road B-11 Vitthal Udyog Nagar - 388 121.
Anand (Gujarat) Phone : (F) 02692-236122(M) 94263 03186

E-mail : mayurengineering179@gmail.com

# શ્રી ગુજરાતી કંસારા મહામંડળ-મુંબઈ ૭૯માં વાર્ષિક સ્નેહ સંમેલનનો અહેવાલ

– શ્રી ગુજરાતી કંસારા મહામંડળ, મુંબઈ વતી, પરેશ નંદલાલ કળથીયા (સચિવ)



શ્રી ગુજરાતી કંસારા મહામંડળ, મુંબઈની ૭૯મી વાર્ષિક સામાન્ય સભા તથા શ્રી ગુજરાતી કંસારા મહિલા પ્રગતિ મંડળ દ્વારા આયોજીત સ્નેહસંમેલન તથા પ્રીતિભોજન સમારંભ તારીખ ૭ ડિસેમ્બર ૨૦૨૫, રવિવારના રોજ ભાયંદર (મુંબઈ) મુકામે શ્રી વેંકટેશ હોલમાં યોજવામાં આવેલ. આ જ પ્રસંગે, શ્રી ગુજરાતી કંસારા મહામંડળ મુંબઈ દ્વારા સંચાલિત તથા **શ્રીમતી દમયંતીબેન** અને **શ્રી જગમોહન ડી. લાલાણી** પ્રેરિત ૧૩મા જ્ઞાતિ પ્રતિભા એવોર્ડ પ્રદાન સમારંભનું પણ આયોજન કરવામાં આવેલ.

આ એવોર્ડ પ્રદાન સમારંભમાં, સમસ્ત કંસારા જ્ઞાતિ-ઘટકોમાંથી જે મહાનુભાવોએ જ્ઞાતિની સેવામાં તન-મન-ધનથી પોતાનો અમૂલ્ય ફાળો આપી સમાજમાં આદરણીય સ્થાન પામ્યા હોય એવા તેમજ અમારી 'અવોર્ડ પસંદગી કમિટી' દ્વારા પસંદગી પામેલ મહાનુભાવોને તેમની સમાજસેવાને બિરદાવવા, તેમજ જેમણે નાની ઉંમરમાં અસાધારણ સિદ્ધિ પ્રાપ્ત કરી છે તેવા કંસારા જ્ઞાતિની યુવા-પ્રતિભાઓને પણ બિરદાવવા, શ્રી ગુજરાતી કંસારા મહામંડળ મુંબઈ આ **'જ્ઞાતિપ્રતિભા એવોર્ડ પ્રદાન સમારંભ'** નું આયોજન દર બે વર્ષે કરે છે.

શ્રી ગુજરાતી કંસારા મહામંડળ મુંબઈના ૧૩માં જ્ઞાતિપ્રતિભા એવોર્ડ પ્રદાન અંતર્ગત, આ વર્ષનો જ્ઞાતિપ્રતિભા એવોર્ડ, **શ્રી ગુણવંતરાય નટવરલાલ ખાખી** ને સન્માનસહિત અર્પણ કરવામાં આવેલ **ગુણવંતરાય ખાખી**, શ્રી ઝાલાવાડ ગુજરાતી કંસારા વિદ્યોત્તેજક સંસ્થા - વઢવાણ, સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), શ્રી કંસારા ઉત્કર્ષ સેવા સંસ્થાન તેમજ શ્રી ઝાલાવાડ ગુજરાતી કંસારા જ્ઞાતિ - અમદાવાદ માં માનનીય પદને શોભાવતા, પ્રથમ હરોળના આગેવાન છે અને માર્ગદર્શક બની, તેઓ દરેક જ્ઞાતિજનોના સાથ અને સહકારથી શૈક્ષણિક અને સામાજિક ક્ષેત્રે પ્રશંસનીય યોગદાન આપી અમૂલ્ય સેવાકાર્ય કરી રહ્યા છે.

ભૌતિકશાસ્ત્રના **નેનો મટીરીયલ પર રિસેર્ચ** કરી સર્વોચ્ચ ડિગ્રી ડોકટરેટ, એટલે કે Ph.D. મેળવી કંસારા સમાજ નું ગૌરવ વધારનાર, ઝાલાવાડી કંસારા વિદ્યોતેજક સંસથામાં લગભગ ૧૨ વર્ષ, કારોબારી સભ્ય તરીકે અને સહમંત્રી તરીકે કાર્ય કરનાર, સાથે શૈક્ષણિક, સામાજિક તેમજ ધાર્મિક જેવા દરેક ક્ષેત્રે આગવી સૂઝ અને સ્વપ્રેરણા બળે સેવા કાર્યમાં અગ્રેસર એવા મૂળ વતન ધ્રાંગધ્રા, હાલ ગાંધીનગરના રહેવાસી **ડૉ. સંજય ભીખાલાલ કંસારા** સમારંભના મુખ્ય અતિથિ પદે બિરાજમાન હતાં.

**યુવા શક્તિ (આ વર્ષના કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ)**

આજના કાર્યક્રમને સફળ બનાવવામાં યુવાઓનો ફાળો ખુબ જ નોંધપાત્ર રહ્યો હતો. સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન યુવા શક્તિ દ્વારા મહામંડળના વરિષ્ઠ સભ્યોના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક કરવામાં આવેલ.

આજના કાર્યક્રમનું ખુબ જ સુંદર સંચાલન પણ આપણા યુવા, કુમાર હેત શૈલેષ દુધેલા અને કુમારી માહી વિપુલ કંસારાએ સંપૂર્ણ આત્મવિશ્વાસ સાથે કરેલ જે પ્રસંશાને પાત્ર છે.

ડિજિટલ યુગમાં એક કદમ આગળ વધતાં, જ્ઞાતિજનોના સભ્ય કુટુંબીજનોની સંપૂર્ણ માહિતી ડિજિટલ ફોર્મમાં એકત્ર કરવામાં આવેલ, જેનો ઉપયોગ, મુંબઈ જ્ઞાતિના ડિજિટલ ઈન્ફોરમેશન ડાટાબેઝ તરીકે કરવામાં આવશે. સાથે, આજના આર્ટિફિશ્યલ ઈન્ટેલિજેન્સ (AI) યુગમાં પ્રથમ કદમ માંડતા, શ્રી ગુજરાતી કંસારા મહામંડળ, મુંબઈના યુવાઓએ આવતા વર્ષના

શુભેચ્છક : ડૉ. ઉપેન્દ્ર બી. કલાઈગર, ડૉ. દર્શનભાઈ, ડૉ. અનુપભાઈ કંસારાના જય શ્રીકૃષ્ણ
સુદર્શન આંખની હોસ્પીટલ અને ઓપ્ટીકલ અને કોર્નિયા લેસર સેન્ટર, સુરત મો. : ૮૯૮૦૩૬૬૩૩૬





કાર્યક્રમની રૂપરેખાની વિડિઓ ક્લિપ છાનો ઉપયોગ કરી બનાવીને જ્ઞાતિ સમક્ષ રજુ કરેલ.

સમારંભના કાર્યક્રમોને ત્રણ સભામાં વહેંચવામાં આવેલ.

**પ્રથમ સભા :**

સર્વ પ્રથમ મુંબઈ તેમજ દેશ-દેશાવર માં વસતા જ્ઞાતિજનોના શ્રી ઠાકોરજી-શરણ પામેલા સગા-વહાલાઓને શ્રધ્ધાંજલી અર્પવામાં આવી.

શ્રી ગુજરાતી કંસારા મહામંડળ, શ્રી ગુજરાતી કંસારા મહિલા પ્રગતિ મંડળના હોદ્દેદારો, ચીફ એજ્યુકેટીવ ટ્રસ્ટી શ્રી જયપ્રકાશ દુધેલા, મેનેજીંગ ટ્રસ્ટી શ્રી કેતન કંસારા, મહામંડળના પ્રમુખ શ્રી કિરીટ ગોરડીયા, મહિલામંડળના પ્રમુખ શ્રીમતી ડિમ્પલ ગોરડીયા, મુખ્ય અતિથિ ડૉ. સંજય કંસારા, એવોર્ડી શ્રી ગુણવંતરાય ખાખી સર્વે દ્વારા દીપ પ્રાગટય કરી પ્રથમ સભાની શરૂઆત કરવામાં આવી. ગણેશવંદના, રાધા સ્ત્રોતરમ, સાથે બાળકો અને બહેનોના દેશભક્તિ, કૃષ્ણ લીલા, ઓપરેશન સિંદૂર, જેવા રસાત્મક કાર્યક્રમોએ જ્ઞાતિજનોનું અને આમંત્રિત મહેમાનોનું દિલ જીતી લીધું.

બહેનો અને બાળકો માટેની અવનવી વિવિધ હરિફાઈઓ યોજવામા આવેલ જેમાં બાળકો અને બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. મુખ્ય અતિથિ ડૉ. સંજય કંસારા, એવોર્ડી શ્રી ગુણવંતરાય ખાખીએ હરીફાઈ નિહાળી, બહેનો-બાળકોની કલાને બિરદાવી પ્રોત્સાહિત કર્યા.

દર વર્ષની જેમ, સરસ્વતી સન્માન અંતર્ગત, તેજસ્વી વિદ્યાર્થીઓનું પુરસ્કાર, ટ્રોફી તેમજ મેડલ આપીને સન્માન કરવામાં આવ્યું. કૌશલ્ય પુરસ્કાર અંતર્ગત ક્રીડા (સ્પોર્ટ્સ) તેમજ અવનવી કળામાં અંતર શાળા, જિલ્લા,રાજ્ય, રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રથમ કે દ્વિતીય સ્થાન મેળવનાર મુંબઈ કંસારા જ્ઞાતિના સભ્ય બાળકો, મહિલાને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવેલ. સ્વાદિષ્ટ ભોજનના રસાસ્વાદ સાથે પ્રથમ સભા સંપૂર્ણ થઈ.

**દ્વિતીય સભા :**

મધ્યાહન ભોજન બાદ, દ્વિતીય સભા શ્રી રાકેશ કાગડા અને શ્રીમતી ધર્મિષ્ઠા બૂચના સુમધુર સ્વરમાં એક કર્ણપ્રિય Retro Bollywood યુગલગીત સાથે શરુ કરવામાં આવી. નવપરણિત યુગલોના સન્માન બાદ, પ્રતિભાશાળી બાળકો દ્વારા **'મોબાઈલ એડિકશન તેમજ તેની કુઅસર'** રજુ કરતી અસરકારક સામાજિક નાટિકા, કવિ કાગ રચિત આવકારો મીઠો આપજે ભજનનો, **'અતિથિ દેવો ભવઃ'** ભાવાર્થ રજુ કરતી નાટિકા, તેમજ ભરતનાત્યમ જેવા વિવિધ કલાત્મક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા.

ત્યારબાદ આજના કાર્યક્રમના મુખ્ય આકર્ષણ એવા એવોર્ડ પ્રદાન કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. શ્રી ગુજરાતી કંસારા મહામંડળ તેમજ શ્રી ગુજરાતી કંસારા મહિલા પ્રગતિ મંડળના હોદ્દેદારો, આજના મુખ્ય અતિથિ ડૉ. સંજય કંસારા તથા એવોર્ડી શ્રી ગુણવંતરાય ખાખીને નાની બાળઓ દ્વારા એસ્કોર્ટ કરી માનસભર સ્ટેજ પર આવકારવામાં આવેલ.

શ્રી ગુજરાતી કંસારા મહામંડળના માનનીય ચીફ એક્ઝિક્યુટિવ ટ્રસ્ટી (CET) શ્રી જયપ્રકાશ દુધેલા તેમજ પ્રમુખ શ્રી કિરીટ ગોરડીયાના પ્રાસંગિક પ્રવચન બાદ મુખ્ય અતિથિ ડૉ. સંજય કંસારાને, શ્રી ગુજરાતી કંસારા મહામંડળના પ્રમુખ શ્રી કિરીટ ગોરડીયાએ શ્રીફળ, શૉલ તેમજ તુલસીક્યારો અર્પી સન્માનિત કર્યા હતાં.

શ્રી ગુજરાતી કંસારા મહામંડળના ચીફ એક્ઝિક્યુટિવ ટ્રસ્ટી

શુભેચ્છક : પૂર્વપ્રમુખશ્રી ગુણવંતભાઈ ડેલાવાળા
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ પ્રમુખશ્રી સરગમ ક્લબ, રાજકોટ.

શ્રી જયપ્રકાશ દુધેલા, મેનેજિંગ ટ્રસ્ટી શ્રી કેતન કંસારા, પ્રમુખ શ્રી કિરીટ ગોરડીયા તથા મહિલા પ્રગતિ મંડળના પ્રમુખ શ્રીમતી ડિમ્પલ ગોરડીયા તેમજ અન્ય ટ્રસ્ટી હોદ્દેદારો સાથે એવોર્ડના દાતા શ્રી નયનભાઈ લાલાણી તેમજ શ્રીમતી મેઘનાબેન લાલાણી દ્વારા આજના એવોર્ડિ શ્રી ગુણવંતરાય ખાખીને સન્માનીય, **"જ્ઞાતિગૌરવ"** એવોર્ડથી સન્માનિત કરી, શૉલ, શ્રીફળ તથા તુલસીક્યારો અર્પણ કર્યા, જે સર્વ જ્ઞાતિજનોએ ઊભા થઈ તાળીઓના ગડગડાટથી (Standing Ovation) વધાવી લીધા હતાં.

શ્રી ડૉ. સંજય કંસારાએ આવનાર યુવાપેઢીને અલગ અલગ કાર્યક્ષેત્રોમાં, કલા કૌશલથી જીવનમાં કેમ આગળ વધવું એ વિષે ખૂબ જ સુંદર માર્ગદર્શન આપ્યું સાથે જ શ્રી ગુજરાતી કંસારા મહિલા પ્રગતિ મંડળને ખુશી ભેટ રૂપે કુલ રૂા. ૭,૫૦૦/- નું અનુદાન જાહેર કરેલ. શ્રી ગુણવંતરાયએ પ્રાસંગિક પ્રવચન દ્વારા શ્રી ગુજરાતી કંસારા મહામંડળ મુંબઈની કાર્યપદ્ધતિને બિરદાવી અને શૈક્ષણિક અને સામાજિક ક્ષેત્રે તેમના યોગદાનનો ચિતાર આપતાં, દરેક જ્ઞાતિજનોને ફૂલ નહિ તો ફૂલની પાંખડીની જેમ સમાજ માટે કંઈક યોગદાન આપવું એવું તેવી પ્રેરણા આપી સાથે જ શ્રી ગુજરાતી કંસારા મહામંડળ, મુંબઈને રૂા.૧૧,૦૦૦/- તેમજ શ્રી ગુજરાતી કંસારા મહિલા પ્રગતિ મંડળને ખુશી ભેટ રૂપે રૂા. ૨,૫૦૦/- નું અનુદાન જાહેર કરેલ.

શ્રી ગુજરાતી કંસારા મહામંડળના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી કેતનભાઈ દ્વારા આભાર વિધિ બાદ એવોર્ડ પ્રદાન કાર્યક્રમ સંપન્ન કરવામાં આવ્યો.

**તૃતીય સભા :**

શ્રી ગુજરાતી કંસારા મહામંડળ મુંબઈના વાર્ષિક હિસાબોની રજૂઆત અને તેને લગતા કાર્યોની તેમજ ઠરવોની સૂચિ જ્ઞાતિજનો સમક્ષ રજૂ કરવામાં આવી જેને સર્વાનુમતે બહાલી આપી પસાર કરવામાં આવ્યા.

શ્રી ગુજરાતી કંસારા મહામંડળના સચિવ શ્રી પરેશ કળથીયા દ્વારા આભાર વિધિ બાદ રાષ્ટ્રગીત તેમજ 'ભારત માતાની જય' ના નારા સાથે આજના દિવસના કાર્યક્રમો પૂર્ણ કરવામાં આવ્યા.

આખરે હર્ષોલ્લાસ સાથે ગરબા રમી, રાત્રીનું ભોજન લઈ સર્વે જ્ઞાતિજનોએ વિદાય લીધી.



## કંસારા ટાઈમ્સની વિકાસ ફંડની યાદી

| | |
|---|---|
| રૂા. ૧૦૦૦/- | ખાખી દક્ષાબેન દિનેશકુમાર (અમદાવાદ) |
| રૂા. ૧૦૦૦/- | દર્શક કે. સંઘવી (અમદાવાદ) |
| રૂા. ૧૦૦૦/- | પ્રતિક કે. સંઘવી (જામનગર) |

## નવા આજીવન સભ્યોની યાદી

| | |
|---|---|
| ૧ | ખાખી દક્ષાબેન દિનેશકુમાર (અમદાવાદ) |
| ૨ | દર્શક કે. સંઘવી (અમદાવાદ) |
| ૩ | પ્રતિક કે. સંઘવી (જામનગર) |

**NIF Mechanical Works Pvt. Ltd.**

**SHAILESH KANSARA**
Director

Block No. 338/1, Behind GIDC,
Kabilpore, Ganesh Sisodra - 396463
District. Navsari, Gujarat, India

: Phone :
+91-2637258668 / 250667

: Email :
shaileshkansara@windwell.com
nifgroup@windwell.com

: Website :
www.windwell.com

---

અતુલભાઈ ૯૪૨૭૧૩૯૯૩૫
હાર્દિકભાઈ ૮૦૦૦૭૯૯૫૭૦

રમેશભાઈ ૯૮૭૯૨૪૨૬૬૧
ફોન : ૦૨૮૪૬-૨૨૨૮૬૦

જુના અને જાણીતા

## કંસારા મણીલાલ દીયાળજી

(કાંસાવાળા)



દરેક જાતના તાંબા-પિત્તળના
તથા શુદ્ધ કાંસાના વાસણો તેમજ કાંસાના
ડીનરસેટ બનાવનાર તથા વેચનાર.

કંસારા બજાર, મલબારી વંડાની પાસે,
શિહોર-૩૬૪૨૪૦.

---

Reliable Solar

## સરકાર દ્વારા રજિસ્ટર્ડ ઇલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટર

**સોલાર પ્લાન્ટનું ઇન્સ્ટોલેશન અને કમિશનિંગ**

- રહેણાંક સોલાર પ્લાન્ટની સ્થાપના
- કોમર્શિયલ સોલાર પ્લાન્ટની સ્થાપના
- ઔદ્યોગિક સોલાર પ્લાન્ટની સ્થાપના

**સોલાર પ્લાન્ટનું સંચાલન અને જાળવણી**

- સોલર પેનલ માટે સફાઈ સિસ્ટમ
- સોલાર પ્લાન્ટ માટે થર્મોગ્રાફી
- ઇન્વર્ટર માટે સમારકામ સેવા
- ટ્રાન્સફોર્મર્સ માટે સમારકામ સેવા
- HT/LT પેનલ માટે સમારકામ



40% સુધી ફાયદો

અહીં તમારી વિગત ભરો⬇

હમણાં જ સંપર્ક કરો:

+91 9327168907/ 6355519196

કંસારા જયમીન ભાસ્કરભાઇ ફાજલીયા

રીલાએબલ કન્સલ્ટિંગ એન્જિનિયર્સ

Email: sales@onlinerce.com; Website: www.reliablesolar.net
SB-11, Gajanand Complex, Opposite Tube Company,
Old Padara Road, Vadodara-390020

---

Harshad Kansara : 9714340260
Gaurav Kansara : 9924085741
Krunal Kansara : 9601773417
Phone : 079-22153002

## Navneet Traders
## નવનીત ટ્રેડર્સ

**Gold Silver Merchant**

Intercome - *002

2297/1, First Floor, Montu Band Ni Niche,
Girish Coldrinks ni Bajuma
Manekchowk, Ahmedabad-1

# સુખ

**- ગુંજન દુધેલા (શિહોર)**

સુખ એટલે જે પરિસ્થિતિમાં મન પ્રસન્ન રહે તે સુખ. દરેક અનુકુળ પરિસ્થિતી એટલે સુખ.

સુખની વ્યાખ્યા મહમદ માંકડે ખૂબ સરસ આપી છે. **''સુખ એટલે તમારી પાસે જે ફૂલો હોય તેમાંથી ગઝરો બનાવવાની કળા.''** સુખની આટલી સરસ વ્યાખ્યા બીજે ક્યાંય નહી હોય. સુખ એ કોઈ તૈયાર વસ્તુ નથી સુખનું સર્જન કરવું પડે. તેનું મટીરીયલ તમારી પાસે છે પણ એ ફૂલોમાંથી ગઝરાનું સર્જન કરો ત્યારે જ તમે સુખ અનુભવી શકો. તમારી પાસે જે ફૂલો છે તેનો જ વિચાર કરવાનો છે. તમે તેમાં જેટલી તમારી કલા રેડશો એટલો સરસ ગઝરો બનશે.

અહીં ફૂલો શબ્દ ખૂબજ અર્થસભર છે તમારે માત્ર તમારી પાસે રહેલા ફૂલોનો જ વિચાર કરવાનો છે. તમારી પાસે ફૂલ સિવાય કાંટા, કચરો ઘણું હોવાનું પણ તમારે ખાલી ફૂલનો જ ગઝરો બનાવવાનો છે ફૂલ એટલે તમારી પાસે જે સારુ છે તેનો જ વિચાર કરી સારુ અલગ તારવીને તેનો કલાત્મક રીતે ગઝરો બનાવવાનો છે.

કહેવત છે ને કે **'પહેલુ સુખ તે જાતે નર્યા.'** એટલે કે સારુ સ્વાસ્થ્ય એ પહેલુ સુખ છે. તન અને મન સ્વસ્થ તો જીવન સુંદર અને સુખી. મનની સ્થિરતા, શાંતી, સંતોષમાં પણ સુખ છે માણસ પાસે જે છે તેમાં સંતોષ રાખીને જીવન જીવે તો પણ તે સુખી જ છે પરિવારનો સાથ, પરસ્પર પ્રેમ, સંપ, સમજણ પણ સુખ જ છે કોઈનું ભલુ કરવાની વૃતી, કોઈને મદદ કરીને મળતો સંતોષ, શાંતી પણ સુખ છે.

સુખના કારણો અલગ-અલગ હોઈ શકે પણ સુખનો અનુભવ તો સૌને એક જ થાય છે ઉંમરે-ઉંમરે સુખ બદલાય છે એક માણસને કોઈ વસ્તુ સુખ આપનારી હોય તો બીજા માણસને તે જ વસ્તુ દુ:ખ આપનારી બને.

હકારાત્મક વિચારો, નિરોગી શરીર, સંતોષ, શાંતી, પરોપકારી જીવન, લોકોને મદદ કરવાથી મળતો સંતોષ એ એક પ્રકારે સુખ જ છે ઉંમરે-ઉંમરે અને સમયે-સમયે સુખ બદલાય છે. બાળપણમાં રમકડાનું સુખ, પરિક્ષામાં સારા પરિણામનું સુખ, સહેલીઓ સાથે મસ્તી, કરવાની સુખ, લગ્નનું સુખ, સંતાન સુખ, સંતાનનો યોગ્ય ઉછેરનું સુખ, સંતાન ને પરણાવવાનું સુખ, સંતાનના સંતાનને રમડાવાનું સુખ. આમ ઉંમર જેમ જેમ પસાર થાય તેમ સુખ પણ બદલાયા કરે છે.

**આપણા હાથમાં કંઈ નથી એ માનીને વર્તમાન પરિસ્થિતીને અનુસરીને જીવન જીવવું તે પણ સાચું સુખ છે.**

ભૂતકાળનો કોઈ અફસોસ નહી ને ભવિષ્યની કોઈ ચિંતા નહી વર્તમાનમાં જ જીવે તે ખરેખર સુખી બની શકે સુખ એ માણવાની વસ્તુ છે. સુખ હોવા છતાં જે માણે નહી તે હંમેશા દુ:ખી જ રહે છે.

સુખ મેળવવું હોય તો આપવું પણ પડે. બીજાને સુખી કરવામાં મળતો સંતોષ પણ સુખ જ છે અને આ સૌથી પવિત્ર સુખ ગણાય. બીજાને સુખી કરીને મદદ કરીને સુખી થવું એ સુખ મેળવવાનો રસ્તો બનાવવા જેવું છે. સાચી સમજણ હોય ત્યાં સુખ આપોઆપ આવે છે. ભગવાને દરેક ને સુખ આપ્યું છે પણ માણવાની આવડત અલગ-અલગ આપી છે. એક સરખા બે સુખી માણસ સરખુ સુખ ભોગવી શકતા નથી.

**એક કવિએ ખૂબ સરસ લખ્યુ છે ''કલહ વિના ન ઘટવાય સ્નેહની ઉત્કૃષ્ટતા'' સાચા સુખનો અનુભવ દુ:ખ જ કરાવી શકે. સતત સુખમાં રહેનારો માણસ વર્તનમાં અને પોતાના જીવનમાં ફિક્કો બની જાય છે. દુ:ખી જ માણસ ને સુખની કિંમત સમજાય છે.**

છેલ્લે સાચુ સુખ સમાયેલુ છે ઈશ્વરના ચિંતનમાં, નામ સ્મરણમાં, પ્રભુ ભક્તિમાં જેણે આ સુખ મેળવ્યુ. તેણે સર્વોચ્ચ સુખ મેળવી લીધું. સૌથી અગત્યનું છે આત્મ સુખ એટલે આત્માનું સુખ. પ્રભુએ આપણને મનુષ્ય જન્મ આપ્યો છે. પરમ તત્વની પ્રાપ્તિ માટે. સ્વની ઓળખ માટે. માણસ આ સાંસારીક સુખનો મહિમાં કેટલા જન્મો અને ભવ બગાડે છે. મનુષ્ય જન્મ આવા સાંસારીક સુખમાં પોતાના ભવ બગાડે છે. ઈશ્વર સાથે મિલન શિવનું જીવમાં મિલન જ એક શ્રેષ્ઠ અને સર્વોચ્ચ સુખ છે. જેણે આ સુખ મેળવી લીધુ તેને બીજા કોઈ પણ સુખની ઈચ્છા રહેતી નથી. કારણ કે આ જ પર સુખ છે.

## શુભેચ્છા ભેટ

| | |
|---|---|
| રૂા. ૨૫૧/- | દુધેલા દિલીપભાઈ કાંતિલાલ (ભાવનગર) મનોરથ ખુશી ભેટ |
| રૂા. ૧૫૦/- | કંસારા મંગળદાસ પોપટલાલ (ધ્રાંગધ્રા) ગૌ.વા. કંસારા મંગળદાસ પોપટલાલના સ્મરણાર્થે |
| રૂા. ૧૦૩/- | ખાખી દક્ષાબેન દિનેશકુમાર (અમદાવાદ) |
| રૂા. ૧૦૩/- | સંઘળી દર્શક કે. (અમદાવાદ) |
| રૂા. ૧૦૩/- | પ્રતિક કે. સંઘવી (જામનગર) |

# આઠમી વાર્ષિક પુણ્યતિથી



## અ.નિ. વસુબેન જે. કંસારા

**(ત્રિચી-TN)**

**જન્મ : ૧૯૫૦ ● અ.નિ. તા. ૦૬-૦૨-૨૦૧૮**

**જયશ્રી સ્વામિનારાયણ**

**હતો હું સૂતો પારણે પુત્ર નાનો (છંદઃ ભુજંગી)**

હતો હું સૂતો પારણે પુત્ર નાનો, રડું છેક તો રાખતું કોણ છાનો ?
મને દુખી દેખી દુખી કોણ થાતું ? મહા હેતવાળી દયાળી જ મા, તું !

સુકામાં સુવાડે ભીને પોઢી પોતે, પીડા પામી પંડે તજે સ્વાદ તો તે,
મને સુખ માટે કટુ કોણ ખાતું ? મહા હેતવાળી દયાળી જ મા, તું !

લઈ છાતી સાથે બચી કોણ લેતું ? તજી તાજું ખાજુ મને કોણ દેતું ?
મને કોણ મીઠાં મુખે ગીત ગાતું ? મહા હેતવાળી દયાળી જ મા, તું !

પડું કે ખડું તો ખમા આણી વાણી, પડે પાંપણે પ્રેમનાં પૂર પાણી,
પછી કોણ પોતાતણું દૂધ પાતું ? મહા હેતવાળી દયાળી જ મા, તું !

મને કોણ કે'તું પ્રભુ ભક્તિ જુક્તિ ? તળે તાપ પાપે મળે જેથી મુક્તિ?
ચિતે રાખી ચિંતા રૂડું કોણ ચાતું? મહા હેતવાળી દયાળી જ મા તું
મહા હેતવાળી દયાળી જ મા, તું !

તથા આજ તારૂં હજી હેત એવું, જળે માછલીનું જડ્યું હેત જેવું,
ગણિતે ગણ્યાથી નથી એ ગણાતું! મહા હેતવાળી દયાળી જ મા, તું !

અરે, આ બધું શું ભલું જૈશ ભૂલી? લીધી ચાકરી આકરી જે અમૂલી ?
સદા દાસ થૈ વાળી આપીશ સાચું ! મહા હેતવાળી દયાળી જ મા, તું !

અરે દેવાના દેવ આનંદદાતા, મને ગુણ જેવો કરી મારી માતા,
સામો વાળવા જોગ દેજે સદા તું ! મહા હેતવાળી દયાળી જ મા, તું !

શીખે સાંભળે એટલા છંદ આઠે, પછી પ્રિત થી જો કરે નિત્ય પાઠે,
રીઝી દેવ રાખે, સુખી સર્વ થાવે, રચ્યા છે રૂડા, છંદ દલપતરામે.

**-: સૌજન્ય :-**

જસવંત બી. કંસારા (ત્રીચી) — જય જે. કંસારા (બેંગલોર)
નરેન્દ્ર જે. કંસારા (ત્રીચી) — પાર્થ એચ. ગોરખીયા (બેંગલોર)
અશોક જે. કંસારા (ચેનૈ)

**સંપર્ક : જશવંત કંસારા : ૯૦૪૨૨૧૩૦૩૧**


॥ શ્રી મહાકાળી પ્રસન્નોસ્તુ ॥

**શુભેચ્છા સહ...**

**શ્રી મુકુંદરાય શાંતિલાલ ફાજલિયા પરિવાર**



**Gaurang Fajalia** - Director
Cell : + 91 98257 86656

**Gravity Instruments** Private Limited

Web : www. gravityipl.com

**Works :** Gravity Instruments Pvt. Ltd.
8, R. K. Estate, B/h. Ekta Hotel,
Sarkhej Bavla Highway, Sarkhej,
Ahmedabad - 382 210 (Gujarat) INDIA
Tel. : +91 79 2689 0918 | Cell : +91 90999 21523
Email : support@gravityipl.com

**MANUFACTURING OF WEIGHING SCALES & SPARE PARTS**

When **you have insurance**
you know that you are secured
against any unforeseen events in life,
and this gives you **complete peace of mind.**

GENERAL INSURANCE | LIFE INSURANCE | CAR FINANCE | MUTUAL FUND

HV ENTERPRISE | NK INSURANCE | NIVESH FINCORP

**Address**
901, Dynasty, Nr. Stadium Cross Road,
C G Road, Ahmedabad 380009.

Nisarg Kansara 97260 16633   Arpana Kansara 9374471100
nkinsurance901@gmail.com I nisargk@gmail.com

**રાજેશભાઈ કંસારાના જયશ્રી કૃષ્ણ**

ડી.એસ.મોઢ એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ
બી.૩૦૩, ટાઈમ સ્કવેર ૨,
એવલોન હોટલ ની બાજુમાં,
સિન્ધુભવન રોડ,
બોડકદેવ અમદાવાદ.

ટ્રસ્ટીનું નામ :– શ્રી મણીભાઈ ભીખાભાઈ કંસારા
સરનામુ :– ધાતુપરીવાર સેવાટ્રસ્ટ,અમદાવાદ.
બી.૫૦૨,તુલીપ ટાવર,પકવાન ક્રાયનીગહોલનીઉપર,
વી.એસ.હોસ્પીટલ સામે ,એલીસબ્રીજ, અમદાવાદ.

## ઓડીટર્સ રીપોર્ટ

સાર્વજનિક ટ્રસ્ટનું નામ :– ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ, અમદાવાદ.
નોંધણી નંબર :– ઈ /૧૫૨૯૬ / અમદાવાદ   ટ્રસ્ટ નોંધણી તારીખ :– ૦૪/૦૫/૨૦૦૨
ટ્રસ્ટનું સરનામું :– બી.૫૦૨,તુલીપ ટાવર,પકવાન ક્રાયનીગહોલનીઉપર,વી.એસ.હોસ્પીટલ સામે,એલીસબ્રીજ અમદાવાદ,
ફોન નં. :– ૯૮૨૫૦૪૨૪૬૫   E-mail :- નથી.
પરદેશ ફાળાના બેંક ખાતાની વિગત :– નથી.
એફ.સી.આર.એ. નં. :– નથી.   તારીખ :– નથી.

અમોએ ઉપરોકત ટ્રસ્ટનો ૩૧/૦૩/૨૦૨૫ ના રોજ પુરા થતા વર્ષનો હિસાબ તપાસ્યો છે. અને રીપોર્ટ કરીએ છીએ કે :

**અભિપ્રાય**

અમોએ ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ, અમદાવાદ ના નાણાકીય હિસાબો નુ ઓડિટ કર્યુ છે. જેમા તા. ૩૧મી માર્ચ ૨૦૨૫ નુ સરવૈયું તથા આવક અને જાવક નુ ખાતુ તેમજ નાણાકીય હિસાબો ના સંબંધિત અમારી ઓડિટ રિમાર્કસ નો સમાવેશ થાય છે. અમારા અભિપ્રાય પ્રમાણે સદર ટ્રસ્ટના હિસાબો "ધી બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એકટ ૧૯૫૦"ની તમામ મહત્વની માહિતી અનુસાર તૈયાર કરવામાં આવ્યા છે.

**અભિપ્રાય માટેનો આધાર**

અમોએ સ્ટાન્ડર્ડ ઓન ઓડીટીંગ પ્રમાણે ઓડીટ કાર્યવાહી કરેલ છે અને તે ધોરણો હેઠળ ની અમારી જવાબદારી અમારા અહેવાલ ના નાણાકીય વિભાગ ના ઓડિટ માટે "ઓડીટરની જવાબદારીઓ "માં વધુ વર્ણવામાં આવેલ છે. અમો નાણાકીય હિસાબો ના ઓડિટ સાથેની સંબંધિત નૈતિક આવશ્યકતા ઓ અનુસાર ટ્રસ્ટ થી સ્વતંત્ર છીએ અને આ જરૂરીયાતો અનુસાર અમારી જવાબદારી પુરી કરીએ છીએ, અમારા અભિપ્રાય માટે અમોએ મેળવેલ ઓડિટ પુરાવા પુરતા તેમજ યોગ્ય છે.

**નાણાકીય હિસાબો અંગે ટ્રસ્ટના વહીવટકર્તા ની જવાબદારીઓ**

ટ્રસ્ટના નાણાકીય હિસાબો બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એકટ ની જોગવાઈઓ પ્રમાણે તૈયાર કરવા માટે ટ્રસ્ટના ટ્રસ્ટી/ વહીવટ કર્તા જવાબદાર છે. અને વહીવટકર્તા ઓ એ જાણી નક્કી કરેલ છે કે સદર હિસાબો આંતરીક નિયંત્રણ મુજબ તેમજ છેતરપીંડી ભુલ તથા ખોટા ભૌતિક નિવેદનો થી મુકત છે.

સદર ટ્રસ્ટીઓ / વહીવટકર્તા દ્વારા ટ્રસ્ટના હિસાબો, ટ્રસ્ટ ભવિષ્યમાં ચાલુ રહેશે, તે હેતુથી તૈયાર કરવામાં આવેલ છે અને અમોને જણાવ્યા અનુસાર ટ્રસ્ટને બંધ કરવા કે કબજામાં લઈ જવા અંગે હાલ કોઈ નિર્ણય કરેલ નથી.

**હિસાબોના ઓડિટ માટે ઓડિટરની જવાબદારી**

અમારો ઉદેશ સમગ્ર નાણાકીય હિસાબો તથા માહિતી, ભૌતિક ખોટા નિવેદનો થી મુકત છે કે કેમ તે અંગેની વ્યાજબી ખાતરી મેળવવાનો છે પછી ભલે તે છેતરપીંડી અથવા ભુલને કારણે હોય અને ઓડિટ રિપોર્ટમાં તેનો સમાવેશ અમારા અભિપ્રાય માં કરવામાં આવેલ છે. વ્યાજબી ખાતરી એ ઉચ્ચસ્તરની ખાતરી છે. સ્ટાન્ડર્ડ ઓફ એકાઉન્ટીંગ સિધ્ધાંતો અનુસાર હાથ ધરવામાં આવેલ ઓડિટ છેતરપીંડી, ભુલ તથા ખોટા નિવેદનો થી તૈયાર કરેલા નાણાકીય હિસાબોના આધારે લીધેલા આર્થિક નિર્ણયોને પ્રભાવિત કરવાની વ્યાજબી ક્ષમતા રાખે છે.

અન્ય કાનુની અને નિયમનકારી જરૂરીયાતો પર અહેવાલ

અમારા અભિપ્રાય મુજબ અમારી નીચેની ટીકાઓના આધારે ટ્રસ્ટના હિસાબ પદ્ધતિસર, અને તે અંગેના કાનુનો મુજબ બરાબર રાખવામાં આવ્યા છે.

૧. હિસાબમાં ઉપજ અને ખર્ચ વ્યાજબી અને બરાબર રીતે બતાવવામાં આવ્યા છે.

૨. ઓડીટની તારીખ મેનેજર/ ટ્રસ્ટીના પાસે જે રોકડ હતી તે ચોપડા પ્રમાણે બરાબર માલુમ પડી છે./ તારીખ સુધીના હિસાબો રજુ કરેલ ન હોઈ રોકડ સિલક ની ચકાસણી કરેલ નથી.

૩. ચોપડાઓ, ખતો, હિસાબો, વાઉચરો તેમજ અન્ય જરૂરી દફતરો અમારી સમક્ષ રજુ કરવામાં આવ્યા છે./નથી

૪. ટ્રસ્ટની જંગમ મિલકતની પ્રમાણિત યાદી રાખવામાં કરવામાં આવી છે./ નથી.

૫. ટ્રસ્ટ તરફથી શ્રી મણીભાઈ ભીખાભાઈ કંસારા એ ઓડિટ વખતે હાજર રહી અમોને જોઈતી સઘળી માહીતી તથા ખુલાસા આપ્યા છે.

શ્રી ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ
અમદાવાદ

D. S. Modh & Co.
M.No. 144481
Ahmedabad
Chartered Accountants

૬. ટ્રસ્ટના ફંડ તથા મિલ્કતનો ટ્રસ્ટના હેતુ માટે ઉપયોગ થયો છે અને તે સિવાય બીજા હેતુ માટે ઉપયોગ થયો નથી.

૭. એક વર્ષ કરતાં વધુ સમયની લ્હેણી પડતી રકમ રૂા. ૧૦૦૦૦૦/– છે. અને રૂા. ——– લ્હેણું માંડી વાળવા જેવું છે. જ્યારે રૂા. ૫૦૦૦/– નું લ્હેણું ૨૦૨૩–૨૪ વર્ષ દરમ્યાન માંડી વાળવામાં આવ્યું છે.

૮. રૂા. ૫૦૦૦/– થી વધુ કિંમતના મરામત અગર બાંધકામ નથી અથવા ૫૦૦૦ થી વધુ કિંમતના મરામત અગર બાંધકામ માટે ટેન્ડરો મંગાવામાં આવ્યા છે./ નથી. ટ્રસ્ટની જાત દેખરેખ નીચે બાંધકામ થતું હોવાથી ટેન્ડરો મંગાવેલા નથી.

૯. મુંબઈ પબ્લીક ટ્રસ્ટ એક્ટની કલમ ૩૫ના ઠરાવોની વિરુદ્ધ ટ્રસ્ટના નાણાનું રોકાણ થયું નથી / અથવા ઠરાવ મુજબ રોકાણ થયેલુ ન હોઈ મે ચેરીટી કમીશનર સાહેબની પરવાનગી મેળવી લેવી જરૂરી છે.

૧૦. ટ્રસ્ટની સ્થાવર મિલ્કતોની હેરફેર/ વેચાણ, કલમ ૩૬ના ઠરાવોની વિરુદ્ધ કરવામાં આવી હોય તેવું અમારી જાણમાં આવ્યું નથી. / અથવા કરવામાં આવી છે.

સ્થળ :– મહેસાણા.

Date:- 02/09/2025
UDIN:- 25144481BMIYQK5068

ફોર,ડી.એસ.મોઢ એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ
F.R.N.0133466W
પ્રોપરાઈટર
સી.એ.ધૈર્ય મોઢ
મે.નં. ૧૪૪૪૮૧

ડી.એસ.મોઢ એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ
બી.૩૦૩, ટાઈમ સ્કવેર ૨,
એવલોન હોટલ ની બાજુમાં,
સિન્ધુભવન રોડ,
બોકડદેવ અમદાવાદ.

ટ્રસ્ટીનું નામ :– શ્રી બટુકભાઈ વી.કંસારા
સરનામું :– ધાતુપરીવાર સેવાટ્રસ્ટ,અમદાવાદ.
બી.૫૦૨,તુલીપ ટાવર,પકવાન ડાયનીગહોલનીઉપર,
વી.એસ.હોસ્પીટલ સામે ,એલીસબ્રીજ, અમદાવાદ.

## વિદ્યાર્થી સન્માન સમારોહ ખર્ચ
### વર્ષ :– ૨૦૨૪–૨૦૨૫

| ખર્ચ | રકમ |
|---|---|
| હોલ ભાડા અને અન્ય ખર્ચ | ૧૦૩૨૭૯.૦૦ |
| કીચન ખર્ચ | ૯૭૧૭૩.૦૦ |
| વિદ્યાર્થી સન્માન ગીફટ ખર્ચ | ૧૯૫૬૮૩.૦૦ |
| કુલ રૂા.... | ૩૯૬૧૩૫.૦૦ |

**ડી.એસ.મોઢ એન્ડ કું.**
**ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ**
**બી.૩૦૩, ટાઈમ સ્કવેર ૨,**
**એવલોન હોટલ ની બાજુમાં,**
**સિન્ધુભવન રોડ,**
**બોકડદેવ અમદાવાદ.**

ટ્રસ્ટીનું નામ :– શ્રી મણીભાઈ ભીખાભાઈ કંસારા
સરનામું :– ધાતુપરીવાર સેવાટ્રસ્ટ,અમદાવાદ.
બી.૫૦૨,તુલીપ ટાવર,પકવાન ડાયનીંગહોલનીઉપર,
વી.એસ.હોસ્પીટલ સામે ,એલીસબ્રીજ, અમદાવાદ.

## પરિશિષ્ટ ૯

(જુઓ નિયમ (૧૭) (૧) )

સાર્વજનિક ટ્રસ્ટનું નામ :– ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ, અમદાવાદ.
નોંધણી નંબર :– ઈ /૧૫૨૯૬ / અમદાવાદ   ટ્રસ્ટ નોંધણી તારીખ :– ૦૪/૦૫/૨૦૦૨
ટ્રસ્ટનું સરનામું :– બી.૫૦૨,તુલીપ ટાવર,પકવાન ડાયનીંગહોલનીઉપર,વી.એસ.હોસ્પીટલ સામે,એલીસબ્રીજ અમદાવાદ,
ફોન નં. :– ૯૮૨૫૦૪૨૪૬૫   **E-mail :-** નથી.
પરદેશ ફાળાના બેંક ખાતાની વિગત :– નથી.
એફ.સી.આર.એ. નં. :– નથી.   તારીખ :– નથી.
૩૧/૦૩/૨૦૨૫ ના રોજ પુરા થતા વર્ષ માટે ઉપજ ખર્ચનો હિસાબ

| ઉપજ | રકમ | ખર્ચ | રકમ |
|---|---|---|---|
| ભાડા ખાતે (લેણી/ મળેલી) | | મિલ્કત અંગેનો ખર્ચ :– | |
| વ્યાજ ખાતે (લેણી/ મળેલી) | | વહીવટી ખર્ચ :– | |
| એફ.ડી.આર.વ્યાજ | ૧૯૯૬૭૧.૦૦ | સ્ટેશનરી એન્ડ પ્રીન્ટીંગ | ૮૭૫.૦૦ |
| સેવિંગ એકાઉન્ટ વ્યાજ | ૬૮૮૪.૫૦ | ટપાલ ખર્ચ | ૪૦.૦૦ |
| ટી.ડી.એસ. રિફંડ | ૬૮૯૯.૪૪ | ફુલ હાર ખર્ચ | ૩૭૦.૦૦ |
| ટી.ડી.એસ. વ્યાજ રિફંડ | ૧૩૯૦.૦૦ | બેન્ક ચાર્જીસ ખર્ચ | ૮૨૬.૦૦ |
| | | ટ્રસ્ટીઓના મહેનતાણાંના :– | |
| ડીવીડન્ડ :– | | મહેનતાણાં ખાતે (મઠ સારૂ) | |
| દાન :– | | કોર્ટ ખર્ચ :– | |
| દાન આવક (શુભેચ્છક ભેટ) | ૩૩૦૭૯૭.૦૦ | ઓડીટ ફી :– | |
| | | ફાળો અને ફી :– | |
| ગ્રાન્ટ :– | | માંડી વાળેલી રકમો :– | |
| | | પરચુરણ ખર્ચ :– | ૨૫.૯૬ |
| બીજી આવક :– | | | |
| | | ઘસારો :– | |
| | | રીઝર્વ અથવા અંકિત ફંડ ખાતે લીધેલી રકમો | |
| | | ટ્રસ્ટના હેતુઓ અંગેનું ખર્ચ :– | |
| | | વિદ્યાર્થી સન્માન સમારોહ ખર્ચ | ૩૯૬૧૩૫.૦૦ |
| | | ખર્ચ કરતા ઉપજ નો વધારો | ૧૪૭૩૭૮.૯૮ |
| કુલ રૂા.... | ૫૪૫૬૨૧.૯૪ | કુલ રૂા.... | ૫૪૫૬૨૧.૯૪ |

નોંધ :– અમારા આ સાથેના આજ તારીખના રીપોર્ટ મુજબ

સ્થળ :– મહેસાણા.

Date:- 02/09/2025
UDIN:- 25144481BMIYQK5068

ટ્રસ્ટીની સહી :–

D.S. Modh & Co. Chartered Accountants M.No. 144481 Ahmedabad

શ્રી ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ અમદાવાદ

ફોર,ડી.એસ.મોઢ એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ
**F.R.N.:0133466W**
પ્રોપરાઈટર
સી.એ.ધૈર્ય મોઢ
મે.નં. ૧૪૪૪૮૧

ડી.એસ.મોઢ એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ
બી.૩૦૩, ટાઈમ સ્કવેર ૨,
એવલોન હોટલ ની બાજુમાં,
સિન્ધુભવન રોડ,
બોડકદેવ અમદાવાદ.

ટ્રસ્ટીનું નામ :–શ્રી મણીભાઈ ભીખાભાઈ કંસારા
સરનામું :– ધાતુપરીવાર સેવાટ્રસ્ટ,અમદાવાદ.
બી.૫૦૨,તુલીપ ટાવર,પકવાન ડાયનીંગહોલનીઉપર,
વી.એસ.હોસ્પીટલ સામે ,એલીસબ્રીજ, અમદાવાદ.

## પરિશિષ્ટ–૮
(જુઓ નિયમ (૧૭) (૧) )

સાર્વજનિક ટ્રસ્ટનું નામ :– <u>ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ, અમદાવાદ.</u>
નોંધણી નંબર :– ઈ /૧૫૨૯૬ / અમદાવાદ   ટ્રસ્ટ નોંધણી તારીખ :– ૦૪/૦૫/૨૦૦૨
ટ્રસ્ટનું સરનામું :– બી.૫૦૨,તુલીપ ટાવર,પકવાન ડાયનીંગહોલનીઉપર,વી.એસ.હોસ્પીટલ સામે,એલીસબ્રીજ અમદાવાદ,
ફોન નં. :– ૯૮૨૫૦૪૨૪૬૫   **E-mail :-** નથી.
પરદેશ ફાળાના બેંક ખાતાની વિગત :– નથી.
એફ.સી.આર.એ. નં :– નથી.   તારીખ :– નથી.
૩૧/૦૩/૨૦૨૫ ના રોજનું સરવૈયું

| ફંડો અને જવાબદારીઓ | | રકમ | મિલ્કત તથા લેણું | રકમ |
|---|---|---|---|---|
| ટ્રસ્ટ ફંડ તથા સ્થાપિત મિલ્કત | | | સ્થાવર મિલ્કત :– (મ.બા.) | |
| બીજાં અંકિત કરેલ ફંડ :– | | | રોકાણ:– | |
| પરિશિષ્ટ '૧' | | ૨૮૧૦૭૪૮.૦૦ | એસ.બી.આઇ એફ.ડી | ૨૮૬૬૬૫૩.૦૦ |
| | | | ફેક સ્ટોક અને ફર્નીચર :– | |
| જવાબદારીઓ :– | | | લોન:–(તારણ વગરની/વગરવ્યાજની) વિદ્યાર્થી અભ્યાસ અર્થે "પરિશિષ્ઠ– ૨" | ૧૪૯૫૦૦.૦૦ |
| | | | લેણું :– | |
| | | | ટી.ડી.એસ. ૨૦૨૪–૨૫ | ૧૯૯૮૭.૦૦ |
| <u>ઉપજ ખર્ચ ખાતું :–</u> | | | વ્યાજ (લેવા પાત્ર) | ૮૨૩૬૮.૯૬ |
| ગઈ સાલની બાકી | ૩૭૨૦૩૪.૫૨ | | | |
| + ચાલુ સાલે વધારો | ૧૪૭૩૭૯.૯૮ | ૫૧૯૪૧૪.૫૦ | એડવાન્સીસ :– | |
| | | | વસુલ નહિ આવેલી ઉપજ :– | |
| વસુલ નહિ આવેલી ઉપજ :– રૂા. પૈસા | | | રોકડ તથા અવેજ :– | |
| ભાડું | | | (અ) બેન્કમાં ચાલુ, સેવિંગ્સ ડીપોઝીટ ખાતે | |
| વ્યાજ | | | સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા | ૧૯૦૭૩૦.૫૪ |
| ઈતર | | | (બ) ટ્રસ્ટી/મેનેજર પાસે | |
| કુલ.. | | | હાથ પર સિલક | ૨૦૯૨૩.૦૦ |
| કુલ રૂા.... | | ૩૩૩૦૧૬૨.૫૦ | કુલ રૂા.... | ૩૩૩૦૧૬૨.૫૦ |

નોંધ :– અમારા આ સાથેના આજ તારીખના રીપોર્ટ મુજબ
ઉપરનું સરવૈયું મારી માન્યતા પ્રમાણે ટ્રસ્ટના ફંડો તથા જવાબદારીઓ તેમજ મિલ્કત તથા લેણાનો સાચો અહેવાલ રજુ કરે છે.

સ્થળ :– મહેસાણા.
Date:- 02/09/2025
UDIN:- 25144481BMIYQK5068
ટ્રસ્ટીની સહી :–
B. V. [illegible]

શ્રી ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ અમદાવાદ

ફોર,ડી.એસ.મોઢ એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ
F.R.N. : 0133466W
પ્રોપરાઈટર
સી.એ.ધૈર્ય મોઢ
મે.નં. ૧૪૪૪૮૧

D. S. Modh & Co. M.No. 144481 Ahmedabad Chartered Accountants

ડી.એસ.મોઢ એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ

ટ્રસ્ટીનું નામ :– શ્રી ભદ્રકભાઈ વી. કંસારા
સરનામું :– ધાતુપરીવાર સેવાટ્રસ્ટ,અમદાવાદ.
બી.૫૦૨,તુલીપ ટાવર,પકવાન ડાયનીંગહોલનીઉપર,
વી.એસ.હોસ્પીટલ સામે ,એલીસબ્રીજ, અમદાવાદ.

## ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ, અમદાવાદ.

૨૦૨૪–૨૦૨૫

પરિશિષ્ટ – '૧'  અંકિત કરેલા ફંડ

| ફંડનું નામ | ગ.બા. | વધારો | આ.બાકી |
|---|---|---|---|
| શૈક્ષણિક ફંડ | ૧૯૬૩૮૧૩.૦૦ | ૧૧૦૦૦.૦૦ | ૧૯૭૪૮૧૩.૦૦ |
| મેડીકલ ફંડ | ૧૬૦૦૦.૦૦ | ૦.૦૦ | ૧૬૦૦૦.૦૦ |
| પુરરાહત ફંડ | ૨૪૯૩૫.૦૦ | ૦.૦૦ | ૨૪૯૩૫.૦૦ |
| સ્કોલરશીપ ફંડ | ૩૦૦૦૦૦.૦૦ | ૪૯૫૦૦૦.૦૦ | ૭૯૫૦૦૦.૦૦ |
| | ૨૩૦૪૭૪૮.૦૦ | ૫૦૬૦૦૦.૦૦ | ૨૮૧૦૭૪૮.૦૦ |

લોન :– (તારણ વગરની/વગર વ્યાજની)
વિદ્યાર્થીઓ ના અભ્યાસ માટે
" પરિશિષ્ટ– ૨ " (ગ.બા.)

| વિગત | રકમ |
|---|---|
| દેગી વ્રજેશ જીતેન્દ્રભાઈ | ૫૦૦૦૦.૦૦ |
| કંસારા નિરજકુમાર વિજયકુમાર | ૫૦૦૦.૦૦ |
| કંસારા હર્ષલભાઈ ધર્મેન્દ્રભાઈ | ૨૪૫૦૦.૦૦ |
| ગોરખીયા મોનીકાબેન શૈલેષભાઈ | ૧૦૦૦૦.૦૦ |
| દૈવિક ચિરાગ મવાની | ૬૦૦૦૦.૦૦ |
| | ૧૪૯૫૦૦.૦૦ |

D.S. Modh & Co.
M.No. 144481
Ahmedabad
Chartered Accountants

શ્રી ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ
અમદાવાદ


શુભેચ્છક : ગુણવંતરાય નટવરલાલ ખાખી (વિરમગામવાળા) પરિવારના જયશ્રી ગોપાલ - અમદાવાદ
સહમંત્રી : સમૂહ લગ્ન ટ્રસ્ટ - વઢવાણ

શુભેચ્છક : ડૉ. ઉપેન્દ્ર બી. કલાઈગર, ડૉ. દર્શનભાઈ, ડૉ. અનુપભાઈ કંસારાના જય શ્રીકૃષ્ણ
સુદર્શન આંખની હોસ્પીટલ અને ઓપ્ટીકલ અને કોર્નિયા લેસર સેન્ટર, સુરત મો. : ૯૯૮૦૩૬૬૩૩૬

શુભેચ્છક : ગૌ.વા. કંસારા દેવચંદભાઈ ગોરધનદાસ પાટડીયા પરિવારના સર્વેને જય શ્રીકૃષ્ણ - પાટડી
હ. કંસારા શાંતિલાલ દેવચંદભાઈ - પ્રમુખશ્રી : સમૂહ લગ્ન ટ્રસ્ટ - વઢવાણ

ડી.એસ.મોઢ એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ
બી.૩૦૩, ટાઈમ સ્ક્વેર ૨,
એવલોન હોટલ ની બાજુમાં,
સિન્ધુભવન રોડ,
બોડકદેવ અમદાવાદ.

ટ્રસ્ટીનું નામ :– શ્રી મણીભાઈ ભીખાભાઈ કંસારા
સરનામું :– ધાતુપરીવાર સેવાટ્રસ્ટ,અમદાવાદ.
બી.૫૦૨,તુલીપ ટાવર,પકવાન ડાયનીંગહોલનીઉપર,
વી.એસ.હોસ્પીટલ સામે ,એલીસબ્રીજ, અમદાવાદ.

## પરિશિષ્ટ ૯–ક
(જુઓ નિયમ ૩૨ )

૩૧/૦૩/૨૦૨૫ ના રોજ પુરા થતા વર્ષ માટે કાળો આપવાજોગ આવકનું પત્રક

સાર્વજનિક ટ્રસ્ટનું નામ :– ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ, અમદાવાદ.
નોંધણી નંબર :– ઈ /૧૫૨૯૬ / અમદાવાદ   ટ્રસ્ટ નોંધણી તારીખ :– ૦૪/૦૫/૨૦૦૨
ટ્રસ્ટનું સરનામું :– બી.૫૦૨,તુલીપ ટાવર,પકવાન ડાયનીંગહોલનીઉપર,વી.એસ.હોસ્પીટલ સામે,એલીસબ્રીજ અમદાવાદ.
ફોન નં. :– ૯૮૨૫૦૪૨૪૬૫   **E-mail :-** નથી.
પરદેશ ફાળાના બેંક ખાતાની વિગત :– નથી.
એફ.સી.આર.એ. નં. :– નથી.   તારીખ :– નથી.

| વાર્ષિક આવક (ગ્રોસ) | રકમ | રકમ |
|---|---|---|
| ગ્રોસ વાર્ષિક આવક | | ૫૭૫૫૬૨૧.૯૪ |
| બાદ : કલમ–૫૮ તથા નિયમ ૩૨ અન્વયે ફાળાને પાત્ર ન હોય તેવી આવક | | |
| ૧. વર્ષ દરમિયાન મળેલ દાન | | |
| અ. કોર્પસ | | |
| (૧) દેશ માંથી | | |
| (૨) પરદેશ માંથી એફ.સી.આર.એ. નંબર અને તારીખ | | |
| બ. જનરલ | | |
| (૧) દેશ માંથી | ૩૩૦૭૯૭.૦૦ | |
| (૨) પરદેશ માંથી એફ.સી.આર.એ. નંબર અને તારીખ | | |
| ૨. સરકારે અને સ્થાનિક સંસ્થાઓએ આપેલી ગ્રાન્ટ | | |
| અ. સરકારી અને સ્થાનિક સંસ્થાઓ | | |
| બ. પરદેશ માંથી | | |
| ક. સાર્વજનિક ટ્રસ્ટોમાંથી મળેલ દાન | | |
| (૧) દેશ માંથી | | |
| (૨) પરદેશ માંથી એફ.સી.આર.એ. નંબર અને તારીખ | | |
| ૩. કેળવણી – વિષયક હેતુ માટે ખર્ચેલ રકમ | ૩૯૬૧૩૫.૦૦ | |
| ૪. વૈદકીય હેતુ માટે ખર્ચેલ રકમ | | |
| ૫. (અ) ખેતીવાડી હેતુ માટે વપરાતી જમીનની આવકમાંથી કપાતો | | |
| અ. જમીન મહેસુલ અને લોકલ ફંડ સેસ | | |
| બ. પટે રાખેલી જમીન ઉપર આપવાનું ભાડું | | |
| ક. ટ્રસ્ટ તરફથી જમીન ખેડવામાં આવતી હોય તો ઉત્પાદનનો ખર્ચ | | |
| (બ) ખેતીવાડી હેતુ માટે વપરાતી જમીનની માંથી થયેલ આવક | | |
| ૬. (અ) બિન ખેતીવાડીના હેતુ માટે વાપરતી સ્થાવર મિલ્કત (જમીન તથા મકાનોની ) આવકમાંથી કપાતો | | |
| અ. આકારણી સેસ અને બીજા સરકારી અથવા મ્યુ. કરો | | |
| બ. જમીન ભાડું | | |
| ક. વીમાનું પ્રિમીયમ | | |
| ડ. મકાનોના એકંદર ભાડાના ૮ ૧/૩ ટકાના દરે મરામત | | |
| ઈ. ભાડે આપેલ મકાનોના એકંદર (ગ્રોસ) ભાડાના ૪ ટકા ના દરે ભાડું ઉઘરાવવાનું ખર્ચ | | |
| ૭. બેંક ટકાના દરે સીક્યુરિટી સ્ટોક વગેરેમાંથી થયેલ આવક અથવા મળેલી રકમ વસુલ કરવાનું ખર્ચ | | |
| ૮. ભાડે નહી અપાયેલ અને બિન આવકવાળા તથા પોતે વાપરતા મકાનના એકંદર અંદાજેલા વાર્ષિક ભાડાના ૮ ૧/૩ ટકાના દરે મરામત માટે કપાત | | |
| ફાળો આપવા જોગ આવક.... | ૭૨૬૯૩૨.૦૦ | ૧૯૧૩૧૦.૦૬ |

સ્થળ :– મહેસાણા.

Date:- 02/09/2025
UDIN:- 25144481BMIYQK5068

ટ્રસ્ટીની સહી :–

ફોર,ડી.એસ.મોઢ એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ
**F.R.N.:0133466W**
પ્રોપરાઈટર
ડી.એ.ધર્મ મોઢ
મે.નં. ૧૪૪૪૮૧

D.S. Modh & Co. M.No. 144481 Ahmedabad Chartered Accountants

શ્રી ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ અમદાવાદ

# ભૂલોની પરંપરાથી ભરેલો આ સંસાર

- કમલેશ કંસારા (અમદાવાદ)

જીવનમાં કદીયે ભૂલ ન કરી હોય એવી કોઈ વ્યક્તિ આ જગતમાં જન્મી નથી ને જન્મવાની શક્યતા પણ નથી. એક કવિએ કહ્યું છે તેમ : આખુ જગત ભૂલોની જ પરંપરાથી ભરેલું છે. એમાં તફાવત હોય તો આટલો કે કોઈ નાની ભૂલ કરે, કોઈ મોટી, કોઈ એકની એક ભૂલો કર્યા કરે, કોઈ નવી નવી ભૂલો કરે. પણ ભૂલોમાંથી સંપૂર્ણ મુક્ત હોય એવું કોઈ જ ન હોઈ સકે. પછી ભલે આપણને આપણી ભૂલોની જાણ ન હોય અથવા આપણે એ વાતનો સ્વીકાર ન કરતા હોઈએ. કેટલાક ભેજાબાદ ભગવાનની ભૂલો પણ શોધી કાઢે છે. વિધાતાની સૃષ્ટિમાં પણ આવી પાર વગરની ભૂલો શોધી કાઢનારા પડ્યા છે ખરું ! ને માનવજાતને એ કામ જ વધારે પડતુ ફાવે છે એમ નથી લાગતું ? પારકાની ભૂલો શોધવામાં આપણે એક્કા જ છીએ.

ભૂલોને ભૂલીને આગળ વધી શકાય છે. એમ માટે તોડી મહેનત કરવી પડે. બાકી ભૂલને સનાતન માની લેવી એ જ એક ભૂલ છે. હું ભૂલ કરું જ નહી એમ માની લેવું એ જેમ મોટી ભૂલ છે એ જ રીતે ભૂલ એ ભૂલ જ છે ને એ કદી સુધરી શકે એમ નથી. એમ માની લેવું એ પણ એના જેટલી જ ગંભીર ભૂલ છે.

ભૂલોનું વિજ્ઞાન ઘણું જ મોટું છે. આમ તો એ જીવનના જ વિજ્ઞાનનો એક ભાગ છે. આ જગતમાં કારણ વગરનું કશું બનતું નથી. જીવનની પ્રત્યેક ઘટનાઓ કાર્ય કારણના સંબંથી અન્ય ઘટનાઓ સાથે સંકળાયેલી હોય છે. પ્રત્યેક ભૂલની પાછળ પણ કોઈક કારણ હોય જ છે. ક્યાંક, કોઈએ, કોઈક નિયમનો ભંગ કર્યો હોય તો જ ભૂલ થાય. નાની-મોટી પ્રત્યેક ભૂલની પાછળ આ નિયમ કામ કરતો હોય છે. આપણે જીવનમાં એટલા પ્રામાણિક તો બનવું જ જોઈએ કે ભૂલમાં પોતની જવાબદારી તપાસીને તેની કબુલાત કરવી જોઈએ.

આપણે જોઈએ છીએ કે કેટલાક માણસો જવલ્લે જ ભૂલ કરે છે. જ્યારે કેટલાક વારંવાર ભૂલ કરે છે. આમા આળસ, બેદરકારી અને અજાગૃતિ કારણરૂપ હોય છે. પહેલી ભૂલ એ ભૂલ છે. બીજી ભૂલ મૂર્ખાઈ છે. પણ ત્રીજી ભૂલ તો બદમાશી કહેવાય, એવા મનને ટપારતાં શીખવું જોઈએ, જેથી એ વધારે સાવચેતી અને સબાન રહે. આપણને નહી સમજાયેલી, ઉચ્ચતર શક્તિઓને કામ કરવાની સપળતા કરી આપીને પણ આપણી ભૂલો સુધારી શકાય. જીવન એ 'પરમ' ને સોંપો અને શાંત બનીને બીજા કામે વળો.

બાકી ભૂલ એ તો ભૂલ જ છે. વારંવાર એનો પસ્તાવો કરતા રહેવું. એ વળી એનાથી મોટી ભૂલ છે. ભૂલ તો પૂરી થઈ જાય પણ પસ્તાવો મનમાં રહ્યા કરે છે.

ગુરૂદેવ ટાગોરે સરસ કહ્યું છે કે **'દિવસ આળસમાં કાઢઈને તે એક ભૂલ કરી છે. પણ એના પસ્તાવામાં આંખ મીંચીને રડતો રહેવાની બીજી ભૂલ કરીશ તો રાત્રિનો નક્ષત્ર વૈભવ પણ ગુમાવી બેસીશ.'**

ભૂલ એ કાદવ છે, તો એ ભૂલોન સાચો પશ્ચાતાપ એને ધોઈ નાંખવાની પ્રક્રિયા છે. નવા જીવનનો સંકલ્પ એ કુમકુમ છે. પણ સંકલ્પ કર્યા પછી પાછો પશ્ચાતાપ કરવો, ફરી પાછી ભૂલ કરવી એ તો કુમકુમથી ધોએલા હાથને કાદવમાં બોલવા જેવાત છે. પછી તો મનને એની ટેવ પડી જાય છે. એવા માણસનો ક્યારેક ઉદ્ધાર થતો નથી.

એ વાત યાદ રાખો કે જિંદગીની કેડી પર ભૂલો ના કાંટા તો આવવાના જ. જગતનું જંગલ જ એનાથી ભરેલું છે. એ ભૂલોના કાંટામાંથી ફૂલો પ્રાપ્ત કરીને એની સુવાસ ચારે બાજુ ફેલાવવી એ જ સાચી ગુરૂચાવી છે.

## MATRIMONIAL



| | |
|---|---|
| Name | : Abhi Manishbhai Buddh |
| Religion | : Hindu |
| Date of Birth | : 22-05-2001 |
| Age | : 24 |
| Height | : 5 ft 05 in |
| Personal Cont. | : 95124 14549 |
| E-mail ID | : abhikansara312!gmail.com |
| Hobbies | : Traveling |

**EDUCATION AND OCCUPATION DETAILS**

| | |
|---|---|
| Education | : Bachelor of Commerce |
| Occupation | : I Tech Plast (India) Pvt. Ltd. (Logistic Officer) |

**FAMILY DETAILS**

| | |
|---|---|
| Father Name | : Manishbhai H. Buddh |
| Father Occu. | : Job |
| Mother Name | : Kajalben M. Buddh |
| Mother Occu. | : House Wife |
| Sister | : 1 Sister (Married) |
| Address | : Manish Buddh - Makat no Dhal, Near Swastic Provision, Sihor |
| Contact No. | : Parents : 88497 52054, 88497 55565 |



# શ્રધ્ધાંજલિ



## સ્વ. વિનુભાઈ પી. લાલાણી

**જન્મ તા. ૦૪-૦૫-૧૯૩૫**

**સ્વર્ગવાસ તા. ૧૭-૦૧-૨૦૨૬**

**કરુણાના સાગર, પ્રખર સેવી, સ્વભાવે સરળ અને વિનમ્ર એવા સ્વ. વિનુદાદા ને સમસ્ત કંસારા સમાજ દ્વારા સ્મરણાંજલિ**

શિહોરમાં સામાન્ય કુટુંબમાં જન્મ અને ખંત પૂર્વક અભ્યાસ કરી સ્નાતક સુધીનો અભ્યાસ પૂર્ણ કરેલ. મહેનત, ખંત, સાદગી, વ્યવહારિકતા અને પ્રમાણિકતાને તેમણે જીવનમાં ખૂબજ સરળતાથી વણી લીધેલ.

અભ્યાસની સાથે સાથે માત્ર રૂ.. ૪૦ (ચાલીસ)માં ખેતીવાડી બેંકમાં જામખંભાળીયાથી નોકરીની શરૂઆત કરેલ. મહેનત, ખંત અને પ્રમાણિકતા ને કારણે ૧૯૬૦-૬૧ માં બેંક ઓફ ઈન્ડિયા (BOI) માં તે સમયના પગારના ધારા ધોરણ પ્રમાણે (BOI) માં  નોકરી સ્વીકારી. ઉત્તરોત્તર નોકરીમાં આગળ વધતાં ગયા અને પોતાની કાર્યક્ષમતા દ્વારા ૧૯૯૫ માં વરિષ્ઠ મેનેજર (Senior Manager) તરીકે કોઈપણ જાતની મુશ્કેલી વગર માન-સન્માનપૂર્વક નિવૃત્ત થયા.

દાદાનું જીવન સમગ્રપણે પરિવારની કાળજી અને સમાજની સેવામાં સમર્પિત હતુ. યુવા અવસ્થામાં મોટા ભાઈ ભાભીનો સાથ ગુમાવવાથી કૌટુંબિક તથા આર્થિક મુશ્કેલીને એકદમ સહજતાથી અને સ્વસ્થતા પૂર્વક પરિવારની સાથે નોકરીની જવાબદારી નિભાવેલ. નિવૃત્તિ પછી સમસ્ત કંસારા સમાજ તથા ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટમાં નિસ્વાર્થ ભાવે સેવામાં જોડાયા અને તેમાં અવિરત નાણાંકીય હિસાબ લખવાની (ખજાનચી) જવાબદારી ખૂબજ ચીવટતાથી નિભાવી. સમાજ સેવાની અદમ્ય ધગશના કારણે સમસ્ત કંસારા સમાજ તથા ધાતુ પરિવારની જવાબદારી ખંતથી નિભાવી, આ કાર્ય દ્વારા લોકોના દિલ જીતીને સંપૂર્ણ કંસારા સમાજના વિનુદાદા તરીકેની આગવી ઓળખાણ ઉભી કરેલ ને સમગ્ર સમસ્ત કંસારા સમાજના દાદા તરીકેનું બિરુદ પામ્યા, તેમજ નાના મોટા સૌના દાદા બનીને રહ્યા.

મંડપ, મનોરથ, સામાજિક કે ધાર્મિક કાર્ય જ્યાં હોય ત્યાં ભેટનું કાઉન્ટર, રજીસ્ટ્રેશન અથવા લગેજ (Locker) જેવી અગત્યની અને મુશ્કેલ કાર્યની વ્યવસ્થામાં પ્રસંગ સમ્પૂર્ણ પૂર્ણ થાય ત્યાં સુધી સેવામાં રહીને લોકોની સેવા થકી ઠાકોરજીની સેવામાં મગ્ન રહેતા.

પરિવારના સભ્યોને મૂલ્યો, સિધ્ધાંત આધારિત જીવનનું મહત્વ સમજાવવાની સાથે પસંદગીના ક્ષેત્રમાં સફળતા માટે માર્ગદર્શન તથા પ્રોત્સાહન પણ પુરું પાડતા. નિત્ય ઠાકોરજીનું સ્મરણ અને વાંચન એ એમની નિવૃત્તિ પછીના સમયની દિનચર્યાનો અભિન્ન અંગ હતો. વૈષ્ણવ સંપ્રદાયની, પુષ્ટિ માર્ગની રસપ્રદ વાર્તાનું ખૂબજ ઉત્સુકતા પૂર્વક અને સરળતાથી વર્ણન કરતા.

''मृदु भाषिवा: सत्कारशील:'' નમ્ર અને વિવેક ભર્યા સ્વભાવ જ સાચા ગુણના ચિહ્ન છે. આ શ્લોકને તેમણે સંપૂર્ણપણે પોતાના જીવનમાં વણી લીધેલ.

દાદાના જીવનમાં દર્શીત મૂલ્ય મહેનત, ખંત અને નિસ્વાર્થ જરૂરિયાત હોય તેવા લોકોની સેવા એઅમારા જીવનના માર્ગદર્શક, પથ દર્શક બનીને રહેશે. તેમની યાદ અને આશીર્વાદ અમારા મનમાં હંમેશા પ્રકાશ સમાન ઝળહળતા રહેશે.

**ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ          સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)          સમસ્ત મહિલા કલ્યાણી સેવા ટ્રસ્ટ**

**પ્રમુખશ્રી/મંત્રીશ્રી**

: શ્રધ્ધાંજલિ :

## પ્રથમ વાર્ષિક પુણ્યતિથી



# સ્વ.અ.સૌ. નિર્મળાબેન દેવેન્દ્રકુમાર કંસારા

સ્વર્ગવાસ તા. ૨૫-૦૧-૨૦૨૫

**"છપૈયાથી શ્રીજી વહેલા આવજો રે."**

દલડાંથી વાતો કરવા અમારા સ્વ. નિર્મળાબેન (ભાભુ) ને છપૈયાથી શ્રીજી મહારાજે તેમને પોતાની પાસે બોલાવી લીધા. બાર માસ આંખના પલકારામાં વીતી ગયા. છતાં તેમની યાદ દિલમાંથી વિસરાતી નથી.

ભગવાને ગીતામાં કહ્યું છે કે

"યદગત્વા ન નિવર્તન્તે તદ્ધામ પરમં મમ્"
અમારા પરિવારને એક સુત્રમાં બાંધનાર અમારા ભાભુનું સ્મરણ ભુલાતું નથી.
સુરજ આથમી ગયો પણ તેની આભા રહી ગઈ.
ધુપસળી સળગતી રહી પણ તેની સુવાસ ક્યાંય સુધી પ્રસરી ગઈ.
જે જન્મે છે તેનું મૃત્યુ નિશ્ચીત છે પણ વ્યક્તિ તેની કરણી-કર્મથી સદાય રહે છે.
"તુમ ન જાને કીસ જહાં મેં ખો ગયે.
હમ ભરી દુનિયામેં તન્હા હો ગયે."

સત્ સત્ પ્રણામ અમારા ભાભુને

**અમો છીએ આપના ઋણાનુબંધી**

દેવેન્દ્ર અંબાલાલ કંસારા

| | |
|---|---|
| સ્વ. હર્ષદ અંબાલાલ કંસારા | સ્વ.અ.સૌ. કલાબેન કંસારા |
| સ્વ. દિનેશ અંબાલાલ કંસારા | ગં.સ્વ. ધીરજબેન કંસારા |
| બાલકૃષ્ણ અંબાલાલ કંસારા | અ.સૌ. સરોજબેન કંસારા |
| ગૌરવ બાલકૃષ્ણ કંસારા | કૃતિ ગૌરવ કંસારા |
| દર્શ ગૌરવ કંસારા | |

| | |
|---|---|
| ઉમેશ | બિંદુબેન |
| ચિંતવન | વાણીબેન |
| પ્રણવ | જૈમીકાબેન |
| દિપક | કોમલબેન |
| ચેતક | હેતાંગીબેન |
| વિજય | વર્ષાબેન |

| | |
|---|---|
| સ્વ. હરેશકુમાર કંસારા | ગં.સ્વ. પ્રતીમાબેન કંસારા |
| અમીત કંસારા | ચૈતાલીબેન કંસારા |
| જતીન પટેલ | દર્શીની પટેલ |
| ડૉ. દર્શનકુમાર કાણકીયા | ઝરણા કાણકીયા |

કંસારા નાગરદાસ મોતીચંદ પરિવાર (અમદાવાદ) ● વેલશીભાઈ સુખલાલ ખાખી પરિવાર (લીંબડી)

દેવેન્દ્ર કંસારા : ૯૩૭૭૩ ૯૮૮૪૫ ● બાલકૃષ્ણ કંસારા : ૯૪૨૬૪ ૬૧૬૯૬

RNI No.GUJGUJ/2009/30908. Posted Ahmedabad P.S.O. on 15th of every month under Postal Reg. No. GUJ/474/2021-2023 Valid up to 31-12-2023

PUBLICATION ON DATE OF 15th EVERY MONTH

KANSARA

Kansara Modler Limited
An Indo-German Joint Venture
A-41(B), M. I. A., Phase Second, Basni,
Jodhpur-342005, Rajasthan, India
Tel.: +91 291 2741656
+91 291 5120656
Fax: +91 291 2740657
email: info@kansara.com
web: www.kansara.com

World Class Rollers For The Whole World

## આજીવન સભ્યો જોગ નમ્ર નિવેદન

દર મહિનાની પંદરમી તારીખે અવિરત પણે પ્રકાશીત થતું, ઘ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ આજીવન સભાસદ અને સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) વચ્ચે સેતુ બનેલ છે એક અનોખું માધ્યમ સાબીત થયેલ છે.

આપ સૌને વિદિત છે કે અવિરત લોક ચાહનાને વરેલ સદર પ્રકાશન, છેલ્લા વીસ વર્ષથી આપની સમક્ષ પ્રકાશીત કરી રહ્યા છીએ. ગત વિતેલ વર્ષોં દરમ્યાન કાગળની, છપામણીની, ઓફિસના, તેમજ અન્ય આકિસ્મક ખર્ચાઓમા સત્તત વધારો થતો આવેલ છે, તેમજ પ્રકાશનના કલેવરમાં બદલાવ લાવવા, આપ સૌ જ્ઞાતિજનો/હોદ્દેદારો/કારોબારી સભ્યો/આજીવન સભાસદો આપની અનુકુળતા પ્રમાણે, આપના કુટુંબ- પરિવારના સારા માઠા પ્રસંગોએ અનુદાન તેમજ શુભેચ્છા ભેટો લખાવીને સમાજને આગળ લાવવા અચુક સહભાગી બની શકો છો

આપ આપણા સમસ્ત કંસારા સમાજના બેંક ખાતામાં, સ્વયંમ તમારી ઈચ્છીત રકમ ભરપાઈ કરીને સમાજ સેવાનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરૂ પાડવા અચુક સહયોગ આપશો. આપ જાતે તો સહયોગ આપશોજ, પણ સાથે આપણા સમાજના જ્ઞાતિજનોને પણ તેમ કરવા પ્રેરણા આપી સમાજની મુક સેવા કરવાનો અનેરો લ્હાવો મેળવવા સહભાગી થશો.

લી. સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)

પ્રકાશન અને મુદ્રક : સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) વતી શ્રી **ભરતભાઈ સી. શેઠ** દ્વારા
મારૂતિ પ્રિન્ટર્સ એન. આર. એસ્ટેટ, તાવડીપુરા, અમદાવાદ ફોન : ૨૫૬૨૫૫૫૯, ૨૫૬૨૧૩૧૨ ખાતે મુદ્રિત અને પ્રકાશિત

**ખાસ સુચના :** **૧.** સમાજ દ્વારા અંક દરેક માસની પંદર તારીકે પ્રસિદ્ધ કરી પોસ્ટ કરવામાં આવે છે. **૨.** સમાજ દ્વારા અંક ફક્ત આજીવન સભ્યોને જ મોકલવામાં આવે છે. **૩.** અંક ન મળ્યા અંગેની ફરિયાદ સમાજની ઓફિસે પોસ્ટકાર્ડ લખીને મોકલી આપવી. **૪.** અંકમાં પ્રસિદ્ધ થતા લખાણો જે તે લેખકની જવાબદારીએ પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તેવા લખાણો બાબતે સમાજ કે તેના હોદ્દેદારો સંમત છે તેવું માની લેવું નહી. **૫.** દરેક સમાચાર, માહિતી, લેખ ફુલસ્કેપ કાગળમાં ડાબી સાઈડે હાંસિયો રાખી એક સાઈડે સુંદર સ્પષ્ટ અક્ષરોમાં લખી જણાવો. **૬.** ફોટાઓ મોકલવા માંગતા હોય તો તે ફોટાને લગતી માહિતી તે ફોટા પાછળ નામલખી મોકલી આપો. **૭.** શૈક્ષણિક માહિતી, પરીક્ષા અંગેની હોય તો માર્કશીટની સર્ટિફાઈડ નકલ મોકલવી, માર્કશીટ ઉપર નામ, ધોરણ, સરનામું વગેરે ખાસ લખવા અને ફોટો હોય તો જમણી બાજુ સ્ટેપ્લર પીન લગાડવી.

**રવાના : શ્રી સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)**
૨૫૧, એલીસબ્રીજ શોપીંગ સેન્ટર, એલીસ બ્રીજ પલીસ સ્ટેશન પાસે,
એલીસ બ્રીજ, ટાઉનહોલ સામે, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન :૦૭૯-૨૬૫૭૪૦૭૦